## યોગિરાજ અવધૂત
## શ્રી સંતરામ મહારાજની
## દિવ્ય અખંડ જ્યોતિના શુભાષિર્વાદ

સ્વ. વિનુભાઈ મગનભાઈ પટેલ (ભાદરણ)નાં સ્મરણાર્થે, તેમના પરિવાર દ્વારા શ્રી સંતરામ ભક્ત સમાજ, યુ.એસ.એ. ના મહાપૂર્ણિમા સત્સંગ નિમિત્તે **''શ્રી સંતરામ મહિમાસાર''** નું પ્રકાશન સૌને ભક્તિમય બનાવે તેવી ભાવના.

વળી શ્રી સંતરામ ભક્ત સમાજના આત્મીય સ્વજનની યાદ.

સદ્‌ગુરૂ શ્રી સંતરામ મહારાજશ્રીના મહિમાસારના રચયિતા શ્રી જયંતીભાઈ દેસાઈ (દાસ) સાકેતધામવાસી શ્રી જાનકીદાસ મહારાજ અને બ્રહ્મલીન પ. પૂ. શ્રી નારાયણદાસજી મહારાજશ્રીનાં સાનિધ્યમમાં રચાયેલ અનુભવો, સાખીનાં રૂપમાં સામાન્ય માણસ સમજી શકે તેવો ભાવ, ભાષાંતર સાથે રચીને તૈયાર કરેલ છે, જે સર્વે ભક્તો માટે પ્રેરણાદાયી બનશે.

યોગિરાજ અવધૂત શ્રી સંતરામ મહારાજ સિધ્ધયોગી, દત્તાત્રેયાવતાર- તેઓશ્રી ભક્તો પર કૃપાવર્ષા કરવા સ્મરણ કરતાં હાજરાહજૂર છે.

**શ્રી સંતરામ મહિમાસાર** - પ્રકાશનનો સદ્‌ભાવ, સહુને આધ્યાત્મિક સેવામાં પ્રેરે એવી શુભભાવના સહ, શુભ આશીર્વાદ

**રામદાસ મહારાજ**
**મહંતઃ શ્રી સંતરામ મંદિર, નડીઆદ**
**તા. : ૯ - ફેબ્રુઆરી, ૨૦૦૯**
**મહાપૂર્ણિમા સં. ૨૦૬૫**

# પ્રાદુર્ભાવ

'શ્રી સંતરામ મહિમાસાર' નો પ્રાદુ-ર્ભાવ આપણા જય મહારાજ પ.પૂ. શ્રી નારાયણદાસજી મહારાજશ્રીની ગુઢાર્થ આજ્ઞા-આશીર્વાદથી થયો એમ કહી શકાય.

પ.પૂ. શ્રી નારાયણદાસજી મહારાજશ્રી સંપૂર્ણ સ્વસ્થ-તંદુરસ્ત અને નિરોગી હતા એ સમયે તેઓશ્રીની ચરણ સેવાનો લાભ આ 'દાસ'ને મળતો રહેતો. પૂજ્યશ્રીના સાનિધ્યમાં શ્રી સંતરામ મહારાજ સંબંધી સાખીઓનુ અંતઃસ્ફૂરણાથી સર્જન થતું તે ચબરખીમાં લખી પૂજ્યશ્રીને દ્દષ્ટિદર્શન કરાવી અપ્રત્યક્ષ આશીર્વાદ પ્રાપ્ત થયાનો આત્મસંતોષ માનતો.

કોઇ એક શુભ દિવસે સાખી દર્શન કરાવવાના પ્રસંગે પૂજ્યશ્રીએ પૂછયું, 'જયંતીદાસ ! આ બધી સાખીઓ લખી રાખો છો ? ના, મસ્તીમાં લખાય છે. જય મહારાજશ્રીની દૃષ્ટિ પામી ચબરખી ફાડી નાખું છું. 'હવે લખવાનું રાખો.' બસ,આ હતી આપણા પૂજ્ય જય મહારાજશ્રીની ગૂઢ આજ્ઞા, અપ્રત્યક્ષ આદેશ અને અંતરના આશીર્વાદ.

આ 'શ્રી સંતરામ મહિમાસાર'ના કેટલાક પ્રસંગો પ.પૂ. શ્રી જાનકીદાસજી મહારાજશ્રીના શ્રીમુખે વર્ષો પહેલાં સાંભળેલા તેની સ્મૃતિ અંકીત થયેલ છે. બાકીના પ્રસંગો ઉપલબ્ધ સાહિત્યનુ સાખીમાં રૂપાંતર થયેલ છે.

**तेरा तुजको अर्पण, मैं हुं केवल दर्पण.**

'શ્રી સંતરામ મહિમાસાર'નું પઠણ-શ્રવણ-મનન સૌ કોઈની મનોકામના પૂર્ણ કરનાર બની રહો એ જ સદ્‌ગુરુદેવ શ્રી સંતરામ મહારાજના શ્રીચરણોમાં નમ્ર પ્રાર્થના સહ......

॥ જય મહારાજ ॥

# 'શ્રી સંતરામ મહિમાસાર'


● સહયોગ : સ્વ. વિનુભાઈ મગનભાઈ પટેલ (ભાદરણ)
નાં સ્મણાર્થે તેમના પરિવાર
ગં.સ્વ. રેખાબેન વિનુભાઈ પટેલ,
અ.સૌ. દીપ્તીબેન નિમિષકુમાર પટેલ,
કેતનભાઈ પટેલ અને ગૌરાંગભાઈ પટેલ
વડોદરા - અમેરીકા તરફથી સપ્રેમ....

● પ્રકાશન : સંતરામ મહાપૂર્ણિમા સત્સંગ નં. ૪૯
માર્ચ ૨૮, ૨૦૦૯



● રચયિતા : મુ. જયંતીભાઈ દેસાઈ (દાસ)
નડીઆદ



● પ્રકાશક : શ્રી સંતરામ ભક્ત સમાજ, યુ.એસ.એ.
P. O. Box 32155
Newark, New Jersey 07102
Phone : **(732) 906 - 0792** Fax : **(908) 486 - 6082**
Website: **www.santram.org**
Email: **info@santram.org**


## અનુક્રમણિકા


૧ ગિરનારથી જિતામુનિના આશ્રમમાં આવ્યા ................. ૧
૨ વરાડમાં બંસીનાદ સંભળાવ્યો ................................. ૬
૩ વાંકાનેરમાં સમજુને સજીવન કરી ......................... ૧૦
૪ કાલસરમાં કાંટા પાથર્યા ...................................... ૧૨
૫ પીપલગની સીમમાં-દે'રીએ આવ્યા ........................ ૧૩
૬ ડુંગાકુઈ ઉભરાઈ ગઈ ......................................... ૧૪
૭ દે'રીએથી ગામમાં આવ્યા ..................................... ૧૬
૮ મંત્રકૂપ .................................................... ૧૭
૯ પંચોતેરિયા વડથી પાછા લઈ આવ્યા ...................... ૧૮
૧૦ શ્રી સંતરામ-લક્ષ્મણદેવનું નડિયાદમાં મિલન થયું ........ ૨૧
૧૧ શ્રી સંતરામ મહારાજે સમાધિ લીધી ....................... ૨૩
૧૨ રઢુ-કોયલી-કરમસદ શાખા મંદિર .......................... ૨૫
૧૩ શ્રી સંતરામ મંદિરની પ્રણાલિકા ........................... ૨૯
૧૪ શ્રી સંતરામ મંદિરની જનસેવા પ્રવૃત્તિઓ ................ ૩૦
૧૫ નવનિર્મિત સમાધિસ્થાન ...................................... ૩૩
૧૬ શ્રી સંતરામ વંદના ........................................... ૩૪
૧૭ આપણા જય મહારાજ .......................................... ૩૯
૧૮ શ્રી સંતરામ નારાયણ ચાલીસા ............................. ૪૩

## ૧. ગિરનારથી જિતામુનિના આશ્રમમાં આવ્યા

૧. શ્રી સંતરામ મહિમાસાર આ, સંભળાવું વિસ્તાર,
તેરા તુજકો અર્પણ કિયા, અવધૂત યોગિરાજ.

૨. દેહ ધર્યો સંતરામનો, કરવા યોગ વિસ્તાર,
લક્ષ્મણદાસ આદિ શિષ્યોનો, કરવા ભવભય પાર.

૩. જ્ઞાનદીપ પ્રગટાવીઓ, વેદ-પુરાણ પ્રમાણ,
એવા દત્તપ્રભુનું શરણ, લઈ કરું કર જોડી પ્રણામ.

૪. સંતરામ કારકકોટીના, સ્વયં દત્ત અવતાર,
દિગંબર અવધૂત એ, નિવાસ કરે ગિરનાર.

૫. ગઢ ગિરનારથી ઉતર્યા, રમતા રામ સંતરામ,
બાલયોગી અવધૂત એ, આવ્યા જૂનાગઢ ગામ.

૬. રસ્તે જતાં કાને પડ્યું, કોઈ સ્ત્રીનું કરુણ કલ્પાંત,
માધવાનંદ તેનો પતિ, થયું હતું અવસાન.

૭. કરુણ કલ્પાંત સાંભળી, ગયા અવધૂત તેને ઘેર,
પતિ તેનો સજીવન કર્યો, સંતે કીધી મહેર.

૮. ગંભીરસિંહ ચૂડાસમા, પડ્યો માંદગી બિછાને જેહ,
વઢવાણથી ચૂડાસ જઈ, માંદગીથી ઉઠાડ્યો તેહ.

૯. ગંભીરસિંહની માંદગી, દૂર કર્યાની વાત,
વઢવાણ નરેશે સાંભળી, પધરામણી કરાવી ખાસ.

૧૦. પૂછ્યું નરેશે સંતને, રહેશે કેટલો સમય આ તાજ,
વરસ ઓગણત્રીસ તે પછી, ના રહેશે તારો આ તાજ.

૧૧. બાલયોગી વઢવાણથી, આવ્યા રાજકોટ રાજદરબાર,
રણમલસિંહના રાજમહેલે, ના રુક્યા ઝાઝીવાર.

૧૨. મુકામ રાજપીપળા હતો, રાજકુંવરસિંહ દરબાર,
આપ્યા આશિષ સાત વરસ, કરશો તમે સુરાજ.



૧૩. ગોવિંદરાવ તમે પામશો, રાજસત્તા સપ્રેમ,
પ્રબળ પ્રારબ્ધ આપનું, દેખાય અમને એમ.

૧૪. તાપી તટ ઉતરાણમાં, જિતામુનિનો આશ્રમ એક,
બાલયોગી થઈ ત્યાં રહ્યા, સ્વરૂપ છુપાવી એહ.

૧૫. જ્ઞાનવૃદ્ધ એ સંત સંગ, સત્સંગ કરે દિનરાત,
વિદ્યા જ્ઞાન ગ્રહણ કરી, સ્થાપ્યા ગુરુપદે સાક્ષાત્.

૧૬. પુંજાભાઈ નડિયાદના, કરે નોકરી સૂરતમાં,
રોજ ફરવા સાંજે આવતા, જિતામુનિના આશ્રમમાં.

૧૭. બાલયોગીને જોઈને, ચિત્ત ચોટ્યું જઈને તહીં,
આવી સત્સંગ રોજ કરે, એમ માયા બંધાઈ ગઈ.

૧૮. આગ લાગી સૂરત શહેરમાં, બાલયોગી હતા આસપાસ,
કમંડલ જળ છાંટ્યું, આગ બુઝાઈ આપોઆપ.

૧૯. ઉમરગામ આસપાસનાં, ગામ હતાં બે-ચાર,
ભ્રમણ કરે બાલયોગી ત્યાં, કરે લીલા અપરંપાર.

૨૦. અનવર વરિયાવ ગામનો, હતો મુસલમાન નેક,
ભૂત ભગાડ્યું ઘેર જઈ, કર્યો નિર્ભય એને છેક.

૨૧. સુખાજી કતારગામનો, ખિમજી ઉમરગામ,
ભક્તોનો ઉદ્ધાર કર્યો, એવા બાલયોગી નિષ્કામ.

૨૨. રામનાથ શિવભક્ત સંત, તીર્થ અશ્વિનીકુમાર,
આશ્રમ છે એ સંતનો, તાપીને સામે કિનાર.

૨૩. બાલયોગી અવધૂત એ, રામનાથના આશ્રમ જાય,
સત્સંગ કરી સામે તીરે, પાછા પોતે આવી જાય.

૨૪. એક દિવસ તાપી એવી, વિફરી વાઘણ જેમ,
પૂર મોટું આવીયું, મારે ફુંફાડા નાગણ જેમ.

૨૫. રામનાથ કહે બાલયોગીને, તમે રુકો આજની રાત,
તાપી ગાંડી આજ થઈ, જઈ શકો ના પેલે પાર.

૨૬. બાલયોગી બોલ્યા વિના, સીધા આગળ વધતા જાય,
નમન કરી તાપીને પછી, પાણી ઉપર થઈ એ જાય.

૨૭. રામનાથ એ જોઈ રહ્યા, મનમાં કર્યો વિચાર,
બાલયોગી આ સિદ્ધ છે, નાના નથી લગાર.

૨૮. તાપી તટના ઘાટ પર, રામનાથ શિવાલય એક,
શિવસ્તવન ને શંખનાદ, મધ્ય રાત્રે સંભળાય છેક.

૨૯. પકડે માછલી તાપીમાં, અડધી રાતે ઢીમર એક,
નાદ સુણી કુતૂહલ થયું, ગયો શિવાલય એહ.

૩૦. શિવસ્તવન રામનાથ ભણે, બેઠા બાલયોગી ધ્યાનસ્થ,
સ્વયં પશુપતિનાથને, નિરખી રહ્યો મધ્યસ્થ.

૩૧. દિવ્ય દર્શન ભોળાનાથનાં, કરી ઢીમર થયો પાવન,
માછીમારી મૂકી દીધી, કરવા લાગ્યો ભજન.

૩૨. ઓળખ આપી રામનાથને, સ્વયં શિવશંકર,
આ બાલયોગી દત્તરૂપ છે, ના કરશો તમે સંશય.

૩૩. બાલયોગી કહે રામનાથ, કરું વિનંતી આજ,
કહેશો ના આ વાત કદી, જિતામુનિને ખાસ.

૩૪. ઓળખાણ કરાવી શિવજી, આવ્યા કૈલાસધામ પરત,
બાલયોગી રંગદાસના, આશ્રમ ગયા તરત.

૩૫. આશ્રમમાં આજે જમણ હતું, કાળી રોટી ધોળી દાળ,
બાલયોગી પિરસ્યા કરે, લઈ કમંડલ હાથ.

૩૬. પંગત હતી સંત સાધુની, પૂરા ત્રણ હજાર,
જમી ઉઠી પંગત બધી, ના ઘટી સામગ્રી લગાર.



૩૭. જોઈ રહ્યા રંગદાસ આ, બાલયોગીનો ચમત્કાર,
સિદ્ધ યોગી છે આ નક્કી, આવ્યા કરવા યોગ વિસ્તાર.

૩૮. જિતામુનિ પાસે જઈ કહે, તમ બાલ શિષ્ય છે સિદ્ધ,
પંગત જમાડી સાધુની, મેં જોઈ યોગીની સિદ્ધિ.

૩૯. ત્યાં બાલયોગી આવી પડ્યા, જોઈ રંગદાસને પામ્યા મર્મ,
હસી કહે ગુરુદેવને, ના મારું કંઈ એ કર્મ.

૪૦. સુણી વ્યથિત ગુરુજી થયા, રહ્યા છૂપા મારાથી કેમ,
જાણ મુજને ના થઈ, મારા જપ-તપમાં કંઈ કહેણ.

૪૧. ઊંઘ આવી ના રાતભર, ગયા બાલયોગીની પાસ,
બાલયોગી છે ધ્યાનમાં, આવ્યા ગુરુજી પાછા નિવાસ.

૪૨. વિચાર કર્યો બાલયોગીએ, ઝાઝુ રહેવું અહીં નહિ ઠીક,
ગુપ્ત રહ્યું ના અહીં કશું, હવે પ્રયાણ કરવું ઠીક.

૪૩. જિતામુનિ આવ્યા ફરી, પ્રાતઃકાળે કરવા તપાસ,
જોયા નહિ બાલયોગીને, મોટેથી દીધો સાદ.

૪૪. જોઈ વળ્યા આશ્રમ બધો, કરી તપાસ ચારે કોર,
બાલયોગી ત્યાં ના મળે, થયો જિતામુનિને શોક.

૪૫. જિતામુનિ બહુ શોક કરે, ગયો હીરો આવ્યો હાથ,
તપાસ કરવી ક્યાં હવે, બેઠા દઈ લલાટે હાથ.

ભગવાન દત્તાત્રેયના અવતાર યોગીરાજ અવધૂત શ્રી સંતરામ મહારાજ કારકકોટીના સંત હતા. તેઓ ગિરનારથી બાલયોગી રૂપે અવધૂત દશામાં વિચરણ કરતા, દીનદુઃખીઓનાં દુઃખો નિવારતા, ભક્તોનો ઉદ્ધાર કરતા, કંઈક ચમત્કારો બતાવતા - જૂનાગઢ, વઢવાણ, ચૂડાસ, રાજકોટ, રાજપીપળા, સૂરત, વરાડ, પાદરા, વડોદરા, વાંકાનેર, કાલસર, ડાકોર, ઉમરેઠ અને પીપલગ થઈ નડિયાદ આવ્યા હતા.

જૂનાગઢમાં મૃત માધવાનંદને સજીવન કર્યો, વઢવાણથી ચૂડાસ જઈ ગંભીરસિંહ ચૂડાસમાને માંદગીના બિછાનેથી બેઠો કર્યો, વઢવાણ નરેશને ૨૯ વર્ષ સુધી રાજગાદી ભોગવવાની હૈયાધારણા આપી, રાજકોટમાં વિલાસી

રણમલસિંહના રાજમહેલમાંથી તરત જ વિદાય થઈ ગયા, રાજપીપળામાં રાજકુંવરસિંહ દરબારને સાત વર્ષ સુધી રાજ્યાસન ભોગવવાના આશીર્વાદ આપ્યા અને ગોવિંદરાવને રાજસત્તા પ્રાપ્ત થશે એવો અણસાર આપી પોતે સૂરત પધાર્યા.

અહીં તાપી નદીના કિનારે જિતામુનિના આશ્રમમાં પોતાનું સ્વરૂપ છૂપાવી બાલયોગી તરીકેની ઓળખ આપી તેમને ગુરુપદે સ્થાપી રહેવા લાગ્યા. સૂરતમાં નોકરી કરતા નડિયાદ ગામના લખાવાડમાં રહેતા પુંજાભાઈ પટેલ દરરોજ જિતામુનિના આશ્રમમાં ફરવા આવતા હતા. તેઓ બાલયોગીને જોઈને તેમનાથી પ્રભાવીત થઈ તેમની સાથે રોજ સત્સંગ કરતા હતા.

બાલયોગી સૂરતની શેરીઓમાં થઈ વિચરતા હતા તે વખતે ભયાનક આગ ભભૂકી ઊઠી. બાલયોગી પાસે જ હતા. કમંડલમાંથી પાણી લઈ છાંટયું. આગ તરત બૂઝાઈ ગઈ. વરીઆવ ગામના અનવર મુસલમાનના ઘેર જઈ તેને ભૂતના ત્રાસમાંથી છોડાવ્યો. કતારગામના સુખાજી અને ઉમરગામના ખિમજી ભગતનો ઉદ્ધાર કર્યો.

તાપી નદીને સામે કિનારે આવેલા રામનાથ સ્વામીના આશ્રમમાં બાલયોગી દરરોજ સત્સંગ કરવા જતા હતા. એક દિવસ તાપી નદીમાં ઘોડાપૂર આવ્યું. તાપીએ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું. રામનાથ સ્વામીએ બાલયોગીને આજની રાત અહીં જ રોકાઈ જવા આગ્રહ કર્યો પણ બાલયોગી કંઈજ બોલ્યા વિના આગળ વધતા ગયા. તાપીને બે હાથ જોડી નમન કરી ઊછળતાં મોજાં ઉપર સવાર થઈ બાલયોગી સામે કિનારે આવી ગયા. આશ્ચર્યના ભાવ સાથે રામનાથજી તેમને જતાં જોઈ રહ્યા. બાલયોગી સામાન્ય સંત નથી પણ સિદ્ધ સંત છે એ તેમણે નજરે નિહાળ્યું.

શિવમંદિરમાં અડધી રાત્રે શિવસ્તવન અને શંખનાદ સાંભળી નદીમાં માછલી પકડતો ઢીમર (માછમાર) કુતૂહલતાથી છાનોમાનો શિવમંદિરે પહોંચ્યો. તેણે જોયું કે રામનાથ સ્વામી શિવસ્તવન કરે છે, બાલયોગી ધ્યાનમગ્ન બેઠા છે અને એ બેની વચ્ચે સાક્ષાત્ પશુપતિનાથ ભગવાન શંકર બિરાજમાન છે. ભાગ્યવાન ઢીમરને ભોળાનાથનાં દર્શન થયાં. તેણે માછીમારી મૂકી દીધી અને ભગત બની ગયો. શિવજીએ રામનાથ સ્વામીને બાલયોગીની ઓળખ આપી કે આ બાલયોગી સાક્ષાત્ દત્ત પ્રભુનો અવતાર છે. આ પ્રમાણે ઓળખાણ કરાવી તેઓ કૈલાસધામ પાછા આવી ગયા. બાલયોગી પણ ત્યાથી રંગદાસ સ્વામીના આશ્રમમાં ગયા. અહીં આજે જમણ ચાલતું હતું. ત્રણ હજાર સંતસાધુની પંગત જમવા બેઠી હતી અને હાથમાં કમંડલ લઈને બાલયોગી પીરસી રહ્યા હતા, ધૂમી



રહ્યા હતા. પંગત જમી-ઊઠી પણ રસોઈ સહેજેય ઓછી થઈ નહિ, જેમની તેમ રહી. બાલયોગીનો આ ચમત્કાર રંગદાસે નજરે નિહાળ્યો. આ બાલયોગી યોગશાસ્ત્રનો વિસ્તાર કરવા જ આવ્યા છે એની તેમને પ્રતીતિ થઈ.

આ બાલયોગી જિતામુનિના શિષ્ય હતા. રંગદાસ તરત જ જિતામુનિના આશ્રમે આવ્યા. તેઓ બાલયોગીની ચમત્કારની વાત કરી રહ્યા હતા એ જ વખતે બાલયોગી ત્યાં આવી ચઢ્યા. રંગદાસને જોઈને તેઓ બધું જ સમજી ગયા. ગુરુજીને હસતાં હસતાં હળવાશથી તેમણે કહ્યું કે મને તો આની કંઈજ જાણ નથી. આ સાંભળી તેમને દુઃખ થયું. મારી પાસે રહેવા છતાં મને કંઈ જ ખબર ના પડી ? મારા જપ-તપ, ધ્યાન-નામ સ્મરણમાં હજુ કચાસ છે એમ મન મનાવી તેઓ સૂઈ ગયા પણ કેમેય કરીને તેમને ઊંઘ ના આવી. તેઓ તરત બાલયોગીની પાસે ગયા પણ બાલયોગી તો ધ્યાનમગ્ન હતા તેથી ગુરુજી નિરાશ થઈને પાછા નિવાસે આવ્યા.

આ બાજુ ધ્યાનાવસ્થામાં બાલયોગીએ વિચાર્યું કે અહીં બધા મને ઓળખવા લાગ્યા છે એટલે હું હવે આ સ્થળે ગુપ્ત રહી શકું એમ નથી. મારે આ સ્થાન છોડી દેવું જોઈએ.

બાલયોગી તો સ્થાન છોડી ચાલ્યા ગયા. સવાર થતાં જિતામુનિ બાલયોગી પાસે આવ્યા, તો બાલયોગી ના મળ્યા. તપાસ કરી, બૂમો પાડી, પણ કોઈ ના મળે. જિતામુનિને બહુ જ દુઃખ થયું. હું ક્યાં શોધું ? મારા હાથમાં આવેલો હીરો જતો રહ્યો. અફસોસ !

## ૨. વરાડમાં બંસીનાદ સંભળાવ્યો

**૪૬. શ્રી સંતરામ મહિમાસાર આ, સંભળાવું વિસ્તાર,**
**બંસીનાદ વરાડની, ઝાંખી કરાવું આજ.**
**૪૭. બારડોલી પાસે આવ્યું, વરાડ નાનું ગામ,**
**ભજન મંડળી જામતી, લેતી હરિનું નામ.**

**૪૮. બંસીધર શ્રીકૃષ્ણની, છબી એવી સુંદર,**
**જાણે હમણાં બોલી ઊઠશે, મૂકી'તી ખુરશી ઉપર.**

**૪૯. એકાદશીનું જાગરણ, સૌ કરે ભજન-કીર્તન,**
**મીઠા સુરીલા ભજનો થકી, ગજવી મૂકે ગગન.**

૫૦. કિરતાલ-તંબુરો-મંજીરા, વાજાપેટી-ઢોલક સાથ,
બાંધી પગમાં ઘુંઘરું, નાચે ઠમક ઠમક દઈ તાલ.

૫૧. મધ્ય રાત્રી વહી રહી, ભક્તિરસ ઉભરાય,
ભાન કોઈને ના કશું, સૌ મસ્તીમાં બહેકાય.

૫૨. કોણ ક્યાંથી ક્યારે આવ્યું, રહ્યું ના કોઈને ભાન,
આંખો ખુલી સામે ખડો, દીઠો જોગી દેદિપ્યમાન.

૫૩. આંખો મોટી તગતગે, મારે ઝઘારા ભવ્ય લલાટ,
શિર પર શંકર શી જટા, સ્મિત સભર મલકાટ.

૫૪. ભસ્માંકિત તનુ જળહળે, કંઠમાં રૂદ્રાક્ષની માળા,
તાંબાવરણો વાન દીશે, જાણે રૂપરૂપનો અંબાર.

૫૫. કમંડલ કર એકમાં, કર દૂજે દંડ સોહાય,
પગમાં પહેરી ચાખડી, અવધૂતની ચાડી ખાય.

૫૬. જોગી જટાળો જોઈને, ભજન થઈ ગયું બંધ,
એકીટશે સૌ જોઈ રહ્યા, પામ્યા અવધૂત દર્શનાનંદ.

૫૭. શાંત, સૌમ્ય લહેકાભરી, વાણી નિકળી બહાર,
કહો બંસીધર શ્રીકૃષ્ણને, બંસીનાદ સુણાવે આજ.

૫૮. ગદ્ગદીત ભક્તો થયા, સુણી અવધૂત વાણી,
કર જોડી નત મસ્તકે, સૌ ઊભા રહ્યા અવાક.

૫૯. અવધૂત બોલ્યા એકવાર, કરી જુઓ અરજ ભગવાન,
જરૂર નાદ સુણાવશે, દયાસાગર દીનાનાથ.

૬૦. અવધૂતની આજ્ઞા થતાં, ફરી ભજનની લાગી લૂંટ,
આસપાસ ચોપાસની, રહી ના કોઈને સુધ.

૬૧. તાલ-તંબુરો-મંજીરા, વાગે ઢોલકની થપાટ,
મસ્ત બની નાચી રહ્યા, સૌ થપાટની સાથોસાથ.



૬૨. દ્વૈત કોઈને ના રહ્યું, અદ્વૈતમાં સૌ નહાય,
અચેત છબી બની ગઈ સચેત, દિવ્ય બંસીનાદ સુણાય.

૬૩. મોહક મીઠું હાસ્ય છે, ગંભીર બંસીનાદ,
બંસીધર શ્રીકૃષ્ણ સમક્ષ, સૌ ઝૂમી રહ્યા ભૂલી ભાન.

૬૪. અવધૂતની લીલા કેવી, થઈ ગયા અંતર્ધ્યાન,
ક્યાં ગયા ક્યારે ગયા, રહ્યું ના કોઈને ધ્યાન.

૬૫. આંખો ખુલી ના કોઈ દિશે, બધું જ પૂર્વવત્,
સૌ સામે જુએ એકમેકની, ના સૂઝે કોઈને તર્ક.

૬૬. છૂટા પડી સૌ ઘેર ગયા, કરતા અવનવી વાત,
ભક્તોમાં એક વીરલો, હતો જનમ જનમનો પ્યાસ.

૬૭. ચેન પડે ના એહને, ના સૂઝે કોઈ ઉપાય,
સંસારમાં મન ના રહ્યું, ઘરબાર છોડી એ જાય.

૬૮. શોધી વળ્યો અવધૂતને, ઝાડી-જંગલ-વસવાટ,
નદીકિનારા-આશ્રમો, મંદિરો-વિશ્રામઘાટ.

૬૯. ખાવા-પીવાનું ભાન નહિ, વધી ગયા પંચકેશ,
બહાવરો બની ભટક્યા કરે, લથર-વથર એનો વેશ.

એકાદશીની મધ્યરાત્રિનો સમય છે. બારડોલી પાસેના નાના સરખા વરાડ ગામમાં ખુરશી ઉપર બંસીધર શ્રીકૃષ્ણ ભગવાનની મનમોહક, નયનરમ્ય છબિ પધરાવી છે. તાલ, તંબુરો, વાજાપેટી, ઢોલક, મંજીરાની રમઝટ વચ્ચે ઊંચા, મીઠા, મધુર અવાજે ભજનની રસલ્હાણ ચાલી રહી છે. અતિ ઉત્સાહી કોઈક ભક્તો તો પગમાં ઘૂંઘરું બાંધીને ચૈતન્ય મહાપ્રભુની જેમ તાલમાં તાલ મેળવી નાચી રહ્યા છે. પ્રભુ ભજનમાં સૌ લીન થઈ ગયા છે મધ્યરાત્રિ પસાર થઈ રહી છે. કોઈને કશું જ ભાન નથી. કોણ-ક્યાંથી-ક્યારે આવ્યું તેની કોઈને કશી જ ખબર ના પડી. જ્યારે તેમની આંખો ખૂલી તો ખુરશીની સામે એક જટાધારી અળધૂતને ઊભેલા જોયા. તેમની બે મોટી તગતગતી આંખો, ઝઘારા મારતું ભવ્ય લલાટ, ભસ્મ વિભૂષિત તાંબાવર્ણો દેહ, કંઠમાં રૂદ્રાક્ષની માળા, એક હાથમાં કમંડલ અને બીજા હાથમાં દંડ ધારણ કરેલા અને પગમાં ચાખડી પહેરેલા આ

અવધૂતને આમ અચાનક આવી ચઢેલા જોઈ ભજનિકો આભા બની ગયા. સૌ એકીટશે એમને જોઈ જ રહ્યા અવધૂતના દર્શનનો આનંદ લઈ રહ્યા. ભજન તો ક્યારનુંય બંધ થઈ ગયું હતું.

અવધૂતે શાંત-સૌમ્ય-લહેકાભરી-મીઠાશથી ભક્તોને ભજનો ચાલુ રાખવા અને બંસીધર શ્રીકૃષ્ણને બંસીનાદ સંભળાવવા પ્રાર્થના કરવાનું કહ્યું. અવધૂતની અમૃતમય વાણી સાંભળી સૌ ભક્તો ગદ્‌ગદીત થઈ ગયા. આનંદવિભોર થઈ ગયા. બે હાથ જોડી મસ્તક નમાવી શાંતિથી ઊભા રહ્યા. થોડીવારની શાંતિ પછી અવધૂતે ભક્તોને ફરીથી બંસીધર શ્રીકૃષ્ણને વાંસળી વગાડવા અરજ કરી જોવા જણાવ્યું. દયાસાગર, દીનાનાથ, બંસીધર શ્રીકૃષ્ણ જરૂર તમારી અરજ સાંભળશે અને તમને બંસીનાદ સુણાવશે એવી તેમને હૈયાધારણ આપી.

આમ અવધૂતની આજ્ઞા થવાથી ભક્તો બેવડા ઉત્સાહમાં આવી ગયા. તાલ-તંબુરો-મંજીરા અને ઢોલકના તાલે તાલ મેળવી ફરીથી નાચવા લાગ્યા, મસ્તીમાં આવી ગયા અને આજુબાજુનું ભાન ભૂલી ગયા. બધા જ ભક્તિરસમાં તરબોળ થઈ ગયા, એકાકાર થઈ ગયા. ત્યાં ........

**"અચેત છબિ બની ગઈ સચેત, દિવ્ય બંસીનાદ સુણાય"**

મીઠો-મધુરો બંસીનાદ રેલાય છે. બંસીધર શ્રીકૃષ્ણની અચેત છબિ સચેત બની ગઈ છે અને મુખારવિંદ પર મોહક મીઠું હાસ્ય રમી રહ્યું છે. ભક્તો બંસીનાદનું પાન કરતા બંસીધર શ્રીકૃષ્ણ સન્મુખ ભાન ભૂલી નાચી રહ્યા છે ત્યાં લીલાધારી અવધૂત ભક્તોને ભજનાનંદમાં ડૂબેલા રાખી જેમ આવ્યા હતા એમ અદૃશ્ય થઈ ગયા. ભક્તો ભાનમાં આવ્યા તો અવધૂત ના મળે. બધા એકબીજાના મ્હોં સામું જોયા કરે પણ કોઈને કશી જ સમજ ના પડી. બધું જ જેમનું તેમ હતું. છેવટે આ ચમત્કારની વાતો કરતા કરતા પોતાને ધન્ય માનતા સૌ પોત પોતાના ઘેર ગયા.

આ ભજન મંડળીમાં એક ભક્ત એવો હતો જેના પૂર્વ સંસ્કારો જાગ્રત થયા. ઘેર ગયા પછી કશામાં તેનું મન ના રહ્યું. સંસાર અસાર લાગવા માંડ્યો. છેવટે ઘરબાર છોડી એ અવધૂતની શોધમાં નીકળી પડ્યો. ઘીચ ઝાડી-જંગલ, મંદિરો-આશ્રમો, નદી-કિનારા વિશ્રામઘાટ વગેરે પાલગની જેમ ઘૂમી વળ્યો. ખાવા-પીવા, કપડાં-લત્તાનું પણ ભાન ના રહ્યું. બસ ભટક્યા જ કરે ભટક્યા જ કરે. (આ ભક્ત એ જ શ્રી સંતરામ સ્વરૂપ આપણા પ. પૂ. શ્રી લક્ષ્મણદાસજી મહારાજ હતા)



## ૩. વાંકાનેરમાં સમજુને સજીવન કરી

૭૦. શ્રી સંતરામ મહિમાસાર આ, સંભળાવું વિસ્તાર,
વાંકાનેરનો વીરો ભગત, ને સમજુની કહું વાત.
૭૧. અવધૂત આવ્યા પાદરા, સાથે રાઘવ ને હરિરામ,
રાઘવને સંકેત કર્યો, થાવ પાદરામાં ઠરીઠામ.

૭૨. લઈ સાથે હરિરામને, ગયા વિશ્વામિત્રીને તીર,
હરિરામને વડોદરા સ્થિર કરી, ચાલી નીકળ્યા એકલવીર.

૭૩. વાંકાનેરમાં વીરો ભગત, કરતો'તો ભાવે ભજન,
આવી ચડ્યા અવધૂત ત્યાં, કર્યું વીરાએ ભાવે નમન.

૭૪. મહીસાગરનાં કોતરો, દિવસે લાગે બીક,
મુકામ કર્યો સંતે અહીં, ના થાય કોઈની કંઈ ભીડ.

૭૫. અવધૂતની સેવા કરે, વીરો ભગત છે નેક,
ભજન-કીર્તન ખૂબ કરે, પણ મળે ના સંતાન એક.

૭૬. અવધૂતે કરુણા કરી, દીધી ડાહી દીકરી એક,
કહ્યું 'સમજુ' નામ તું રાખજે, વીરા વર્તજે રાખી વિવેક.

૭૭. મૂઈ-મરી જા ના કહીશ, મુખેથી કદી એમ,
ત્હારી એ રહેશે નહિ, બોલીશ કદી તું એમ.

૭૮. એક દિવસ એવું બન્યું, આવ્યા સાધુ વીરાને ઘેર,
આવકાર આપી સાધુને, બેસાડ્યા ભલી પેર.

૭૯. સમજુને ટહુકો કર્યો, બેટા ખાવાનું કર તૈયાર,
સાધુ હમણાં આવશે, ના કરીશ ઝાઝીવાર.

૮૦. સમજુએ ઉત્તર દીધો બાપુ, નથી દાણો ઘરમાં એક,
રસોઈ કરું હું કેમ કરી, ના જાળવી શકું વિવેક.

૮૧. સુણી વીરો ગુસ્સે થયો, ભૂલ્યો અવધૂતનું વેણ,
મૂઈ-મરી ના કેમ ગઈ, ક્યાંથી આવી મારે ઘેર.

૮૨. જમ્યા વિના સાધુ ગયા, થયો વીરો બહુ નિરાશ,
ઘરમાં આવી જોયું તો, દીઠી સમજુની લાશ.

૮૩. વેણ અવધૂતનું યાદ કર્યું, હવે પસ્તાએ શું થાય,
સમજુની લાશ ઢાંકીને, ગયો વીરો અવધૂતની પાસ.

૮૪. ઠપકો આપ્યો તે પછી, સંત આવ્યા વીરાને ઘેર,
'સમજુ' બેટા બેઠી થા, તારો છેલ્લો છે આ ફેર.

૮૫. વેણ સુણી અવધૂતનું, થઈ બેઠી સમજુ તરત,
ચરણ છૂયા અવધૂતના, કર્યું બાપુને નમન.

વરાડમાં બંસીનાદ સુણાવી ભક્તોને હાથતાળી દઈ છટકી ગયેલા અવધૂત બે શિષ્યો - રાઘવ અને હરિરામને સાથે લઈ પાદરા આવી પહોંચ્યા. અહીં હાથના ઈશારાથી રાઘવને ઠરીઠામ થવાનું જણાવી હરિરામની સાથે તેઓ વડોદરા વિશ્વામિત્રીના કાંઠે આવ્યા. હરિરામને પણ વડોદરા સ્થિર થવાનું જણાવી પોતે એકલા વિચરણ કરતા મહીસાગરનાં બિહામણાં કોતરોમાં વાંકાનેર ગામે આવ્યા. અહીં વીરો ભગત તેમની સેવા કરતો હતો. તેને કોઈ સંતાન ન હતું. અવધૂતે કૃપા કરીને એક દિકરી આપી પણ સાથે તેને ચેતવ્યો કે આ મારું કૃપાફળ છે. તું એનું નામ 'સમજુ' રાખજે અને ક્યારેય એને 'મૂઈ મરી જા' એવું અશુભ કહીશ નહિ. જ્યારે પણ તું એને 'મૂઈ મરી જા' એવું બોલીશ તે વખતથી એ ત્હારી રહેશે નહિ.

એક વખત સાધુની મંડળી વીરા ભગતને ત્યાં આવે છે. હરખઘેલો થઈ વીરો તેમને ભાવથી આવકાર આપી બેસાડે છે અને દિકરી સમજુને આ મંડળી માટે રસોઈ બનાવવાનું જણાવે છે. નામ તેવા ગુણવાળી સમજુ વિનયપૂર્વક પિતાને ઘરમાં અનાજનો એક દાણોય ન હોવાનું જણાવે છે. વીરો ભગત આથી ગુસ્સે થઈ સમજુને 'મૂઈ, તું મરી કેમ ના ગઈ, મારા ઘરે કેમ જન્મી' વગેરે ના કહેવાનું કહે છે.

આ કજિયા-કંકાસમાં સાધુની મંડળી જમ્યા વિના ચાલી ગઈ તેથી વીરાને બહુ દુ:ખ થયું. નિરાશ થઈ તે ઘરમાં ગયો તો સમજુ ચત્તાપાટ મરણ પામેલી પડી હતી. વીરાને અવધૂતની વાણી યાદ આવી. ના થવાનું થઈ ગયું. હવે થાય શું? સમજુની લાશ ઢાંકીને વીરો અવધૂત પાસે ગયો. અવધૂતે તેને ઠપકો તો આપ્યો પણ દયાળુ સંત વીરાની સાથે ઘેર પધાર્યા. સમજુને કહ્યું, 'બેટા, બેઠી થા. આ તારો છેલ્લો ફેરો છ.' અવધૂતનું વેણ સાંભળી સમજુ તરત બેઠી થઈ તેમના ચરણોમાં પડી અને તેના બાપુ - વીરા ભગતને નમન કર્યું.



## ૪. કાલસરમાં કાંટા પાથર્યા

૮૬. શ્રી સંતરામ મહિમાસાર આ, સંભળાવું વિસ્તાર,
કાલસરમાં કાંટા વેર્યાનો, પ્રસંગ બહુ રસાળ

૮૭. અવધૂત વાંકાનેરથી, આવ્યા કાલસર ગામ,
પાદરમાં એક ઝૂંપડી, કર્યો સંતે ત્યાં મુકામ.

૮૮. ગોવાળોનાં છોકરાં, રમતાં ઝૂંપડીની પાસ,
સૂઝ્યું ટિખળ એમને, નાખ્યા કાંટા ઝૂંપડી આસપાસ.

૮૯. સંતાઈને જોયા કરે, હવે સાધુ કરે છે શું?
ઝૂંપડી ખોલી સાધુએ, જોઈ ચારે બાજુ શૂળ.

૯૦. કાંટા ઉપર થઈને ગયા, ના મનમાં કંઈ ઉચાટ,
ગભરાયાં છોકરાં બધાં, ઘેર જઈ કરી મા-બાપને વાત.

૯૧. ગામલોક ભેગા થઈ, આવ્યા અવધૂત પાસ,
માફી માગી કરગરી, જોડી બંને હાથ.

૯૨. કાલસર ગામ છોડી દીધું, આવ્યા ડાકોર ધામ,
ઠાકોર સોનીને ત્યાં રહી, કરતા સાધન ધ્યાન.

૯૩. ધ્યાનભંગ થયો અહીં, છોડ્યો ઠાકોરનો મુકામ,
તરત ચાલી નીકળ્યા, આવ્યા ઉમરેઠ ગામ.

૯૪. વડલાની છાયા નીચે, મસ્તીમાં રહેતા સંત,
દર્શન કરવા આવતા, વ્યાસ નારાયણ પણ.

૯૫. નારાયણને ઘેર જતા, તપસ્વી બ્રાહ્મણ જોઈ,
શિવલીંગ, ચાદર-પાદુકા, આપી પ્રસન્ન થઈ.

વાંકાનેરમાં સમજુને સજીવન કરી અવધૂત વિચરણ કરતા મહીસાગરના કાંઠે કાલસર ગામે આવ્યા. ગામની પાદરમાં એક ઝૂંપડી હતી, તેમાં તેઓ રહેતા હતા. બપોરના સમયે ગોવાળોનાં છોકરાં અહીં ભેંસો ચરાવતાં અને રમતાં હતાં. એક દિવસ આ છોકરાંને સાધુને પજવવાનું સૂઝ્યું. ઝૂંપડીની ચારેબાજુ કાંટા-ઝાંખરાં નાખી દીધાં અને સાધુની શી વલે થાય છે એ જોવા ઝાડની ઓથે સંતાઈ ગયાં.

ધ્યાનમાંથી ઊઠી સાધુ ઝૂંપડીની બહાર આવ્યા તો ચારે બાજુ કાંટા-ઝાંખરાં પાથરેલાં જોયાં. તેઓ છોકરાંની તોફાની વૃત્તિ પામી ગયા અને સહજતાથી કાંટા ઉપર થઈને રોજની જેમ નદીમાં સ્નાન-સંધ્યા કરવા ચાલ્યા ગયા. સંતાઈને જોયા કરતાં છોકરાં હવે ગભરાઈ ગયાં. ઘરે જઈને તેમનાં મા-બાપને બધી વાત કરી. ગામના લોકો ભેગા થઈ સંત પાસે આવ્યા. હાથ જોડી ઘણી આજીજી કરી, માફી માગી પણ સંતે ગામ છોડી દીધું.

અવધૂત કાલસરથી ડાકોર આવ્યા. અહીં ઠાકોરભાઈ સોનીને ત્યાં રહી આખો દિવસ ધ્યાન-સમાધિમાં મગ્ન રહેતા. અહીં પણ સમાધિમાં ભંગ થયો. પળનોય વિલંબ કર્યા વિના અવધૂત ત્યાંથી ચાલી નીકળ્યા અને ઉમરેઠ આવ્યા. ઉમરેઠની ભાગોળે તેમણે વડલાની છાયામાં મુકામ કર્યો. જાણ થતી ગઈ તેમ ભક્તો દર્શન કરવા આવવા લાગ્યા. તેમાં વ્યાસ નારાયણ પણ હતા. તેઓ તપસ્વી, સાત્ત્વિક બ્રાહ્મણ હતા. અવધૂત તેમના ઘરે ઘણીવાર સત્સંગ કરવા જતા. તેમના પર પ્રસન્ન થઈને અવધૂતે પ્રસાદીરૂપે તેમને શિવલીંગ, ચાદર અને પાદુકા પણ આપી હતી.

## ૫. પીપલગની સીમમાં-દે'રીએ આવ્યા

૯૬. શ્રી સંતરામ મહિમાસાર આ, સંભળાવું વિસ્તાર,
દે'રીના મહિમાની વાતો, સાંભળજો દઈ ધ્યાન.

૯૭. પીપલગની સીમમાં, આવ્યા ગુતાલ થઈ,
રહ્યા પુંજા પટેલના ખેતરે, સંતરામ દે'રી જયાં થઈ.

૯૮. ઘનઘોર રાયણ વૃક્ષની, ગુફા સમાન બખોલ,
ધ્યાન-સમાધિમાં સદા, રહેતા સંત અબોલ.

૯૯. જીબા પંડ્યા, જીજી ભગત, પીપલગના ખેડૂત લોક,
દર્શન કરવા આવતા, પૂંજા પટેલ પણ રોજ.

૧૦૦. એક ખેડૂતને થયા કરે, મનમાં ઘણીવાર એમ,
આવે સંત મુજ ઘેર તો, જમાડું પકવાન પ્રેમ.

૧૦૧. ખેડૂતનું મન કળી ગયા, અવધૂત કહે આવ બેસ,
આજે જમવાની ઈચ્છા નથી, દૂધ લાવજે તારી ભેંસ.



૧૦૨. ખેડૂત મુંઝાયો ઘણો, ઊંચી ગઈ મારી ભેંસ,
દૂધ લાવું ક્યાંથી હવે, ના ચાલે બીજી ભેંસ.

૧૦૩. કમંડલ આપી કહ્યું, લે-લાવજે આમાં દૂધ,
આંચળ પાસે રાખજે, ના મુંઝાઈશ મનમાં મૂઢ.

૧૦૪. પાયું દૂધ મહારાજને, પૂરા થયા મનના કોડ,
અચરજ થયું ગામ લોકને, સંત પાસે મૂકી દોટ.

ઉમરેઠથી ગુતાલ થઈ અવધૂત પીપલગની સીમમાં આવ્યા. અહીં નડિયાદના લખાવાડમાં રહેતા પૂંજાભાઈ શામળભાઈ પટેલના ખેતરમાં એક મોટું ઘટાદાર રાયણનું ઝાડ હતું. તેની બખોલમાં અવધૂત આખો દિવસ ધ્યાન-સમાધિમાં જ રહેતા હતા. પીપલગના ખેડૂતો જીબા પંડ્યા, જીજી ભગત વગેરે તેમનાં દર્શન કરવા આવતા હતા. પૂંજા ભગત પણ દરરોજ તેમના ખેતરમાં આવતા અને સંતનાં દર્શન-સત્સંગ કરતા હતા.

એક ખેડૂત ઘણીવાર મનમાં ને મનમાં વિચારતો કે આ સંત મારા ઘરે ભોજન લેવા પધારે તો કેવું સારું ? અવધૂત ખેડૂતનું મન કળી ગયા. એક દિવસ એને પાસે બોલાવી કહ્યું, 'આજે તો જમવાની ઈચ્છા નથી પણ સાંજે તારી ભેંસનું દૂધ લઈ આવજે'. ખેડૂત વધારે મુંઝાયો. તેની ભેંસ ઊંચી ગઈ હતી અને બીજી ભેંસનું દૂધ સંતને ખપે નહિ. અવધૂત તેની મુંઝવણ સમજી ગયા. પોતાનું કમંડલ તેને આપ્યું અને કહ્યું, લે આ કમંડલ આંચળ પાસે રાખજે જા, મુંઝાઈશ નહિ. ખરેખર ઊંચી ગયેલી ભેંસે દૂધ આપ્યું. આખુ કમંડલ ભરાઈ ગયું. આ વાત આખા ગામમાં વાયુવેગે પ્રસરી ગઈ. ગામના લોકો તેમનાં દર્શન કરવા ખેતરમાં ગયા.

## ૬. ડુંગાકુઈ ઉભરાઈ ગઈ

૧૦૫. શ્રી સંતરામ મહિમાસાર આ, સંભળાવું વિસ્તાર,
ડુંગાકુઈ ઉભરાઈ ગયાનો, પ્રસંગ વર્ણવું આજ

૧૦૬. અવધૂત ન્હાવા આવતા, ડુંગાકુઈએ રોજ,
પાણી જાતે કાઢતા, પડ્યું હોય દોરડું ડોલ.

૧૦૭. એક દિવસ એવું બન્યું, નવો નવો નોકર,
પાણી ભરવા આવીયો, દીઠો જોગી બેખબર.

૧૦૮. પાણી ભરી ડોલ દોરડું, લઈ જવા થયો તૈયાર,
અવધૂતે ઈશારો કર્યો, ભાઈ મૂકી જા થોડીવાર.

૧૦૯. નોકર નવો મનમાં થયું, મૂકીને કેમ જવાય,
હરતો-ફરતો સાધુ આ, ડોલ-દોરડું ઉઠાવી જાય.

૧૧૦. પાણી ભરેલ ડોલ દોરડું, લઈ નોકર ચાલ્યો જાય,
મસ્તરામ જેનું નામ તે, મનમાં ના મુંઝાય.

૧૧૧. કુવાના થાળા ઉપર, અવધૂત બેસી જાય,
નીચા નમી આરામથી, કમંડલ ભરી ભરી ન્હાય.

૧૧૨. નોકર પાછો આવીયો, પાણી ભરવા ફરી,
અવધૂતને ન્હાતા જોઈ, ગઈ આંખો એની ફરી.

૧૧૩. તરત તે પાછો ફર્યો, સાથીઓને કરી વાત,
દોડી આવ્યા સાથીઓ, મૂકી બધી પંચાત.

૧૧૪. દિવ્ય અલૌકિક દૃશ્ય હતું, અવધૂતનું એ સ્નાન,
જોઈ શક્યા બડભાગી એ, ભલા-ભોળા ઈન્સાન.

૧૧૫. પુંજા પટેલને જાણ થઈ, દોડી આવ્યા અવધૂત પાસ,
કર જોડી બહુ કરગળ્યા, નોકર વતીથી ખાસ.

૧૧૬. અબુધ અને અજ્ઞાન છે, પણ દિલનો બહુ એ સાફ,
આપ દયાળુ સંત છો, બાપજી કરી દો એને માફ.

૧૧૭. અડચણ અમને ના કશી, અમે તો રમતારામ,
યોગક્ષેમનું એ જુએ, બસ બંદાને આરામ.

અવધૂત થોડે દૂર આવેલી ડુંગાકુઈએ દરરોજ ન્હાવા આવતા. કુવાના થાળા ઉપર ડોલ-દોરડું કાયમ પડી રહેતું. અવધૂત જાતે કુવામાંથી પાણી કાઢી સ્નાન કરી લેતા. એક દિવસ પૂંજા પટેલે નવો રાખેલો નોકર કુવે પાણી ભરવા આવ્યો. તેણે આ મસ્તરામ અલગારી સંતને જોયા. પાણી ભરી લીધા પછી નોકર ડોલ-દોરડું પણ સાથે સાથે લઈ જવા તૈયાર થયો એટલે અવધૂતે હાથના ઈશારાથી (તાળી પાડી) તેને ડોલ-દોરડું અહીં મૂકીને જવા કહ્યું. હવે નોકરને ખાત્રી થઈ



કે આ હરતો-ફરતો સાધુ ડોલ-દોરડું લઈ જશે. આમ વિચાર કરી નોકર ડોલ-દોરડું પોતાની સાથે લઈ ગયો.

અવધૂત તો બેફિકર હતા. કુવાના થાળા ઉપર જઈને બેસી ગયા. સંકલ્પ માત્રથી કુવો ઉભરાવા લાગ્યો. અવધૂત નીચે નમી કમંડળ ભરી ભરીને મસ્તીથી ન્હાવા લાગ્યા. નોકર ફરીથી પાણી ભરવા આવ્યો ત્યારે અવધૂતને કુવાના થાળા ઉપર બેસી મસ્તીથી ન્હાતા જોઈ તે નવાઈ પામ્યો. તરત જ તે પાછો વળ્યો અને તેના સાથી મિત્રોને બધી વાત કરી. તેઓ બધું કામ પડતું મૂકીને તેની સાથે કુવા ઉપર આવ્યા. અવધૂતને ન્હાતા જોઈ તેમની આંખો પહોળી થઈ ગઈ. અવધૂતનું દિવ્ય-અલૌકિક સ્નાન જોઈ આ ગરીબ-ભોળાદિલના માણસો ધન્ય ધન્ય થઈ ગયા.

પુંજા ભગતને આ બાબતની જાણ થતાં તેઓ હાંફળા-ફાંફળા અવધૂત પાસે આવ્યા. બે હાથ જોડી નોકર વતીથી તેમણે એ સંતની માફી માગી વારંવાર આજીજી કરવા લાગ્યા. બાપજી, એને માફ કરી દો એ અબુધ અને અજ્ઞાની જીવ છે પણ દિલનો બહુ ચોખ્ખો છે. સંતે ખૂબ સહજતાથી કહ્યું, અમને કશી જ તકલીફ - અસુવિધા થઈ નથી. અમારું યોગક્ષેમ ઉપરવાળો કરતો જ હોય છે. પછી અમારે શી ચિંતા ?

## ૭. દે'રીએથી ગામમાં આવ્યા

૧૧૮. શ્રી સંતરામ મહિમાસાર આ, સંભળાવું વિસ્તાર,
દે'રીએથી ગામમાં લઈ આવ્યા, એ પુંજા પટેલની આવે યાદ.

૧૧૯. ભક્તરાજ પુંજા પટેલ, લાવે ફળ-ફૂલ-દૂધ,
સંત સેવા અતિશય કરે, ના આવે કંઈ ચૂક.

૧૨૦. ચોમાસાના દિવસોમાં, ભારે વર્ષા થાય,
જળબંબાકાર થાય બધું, ખેતરે ના જવાય.

૧૨૧. અવધૂત ભૂખ્યા ખેતરે, ઘેર ભૂખ્યા ભક્તરાજ,
અવધૂતનાં દર્શન વિના, ના ભોજન લે ભક્તરાજ.

૧૨૨. કરી વિનંતી એક દિન, બાપજી કહ્યું એક વાત,
ગામ પાસે આવો નજીક, સેવા થાય ભલી ભાત.

૧૨૪. અરજ સુણી ભક્તરાજની, સંત દયાળુ દેવ,
ગામ નજીક આવી વસ્યા, પાસે છાંગેશ્વર મહાદેવ.

૧૨૫. બખોલ બોરડી ઝુંડની, જગ્યા કરી પસંદ,
મંત્ર મંદિર આજ જ્યાં, ધૂણી ધખાવી સંત.

રમતારામ અવધૂત દે'રીએ મસ્તીથી રહેતા હતા. ખેતરના માલિક પુંજાભાઈ ભગત અવધૂત માટે દરરોજ ફળફળાદિ અને દૂધ લાવતા. તેઓ અવધૂતની બહુ જ સેવા કરતા. પરંતુ ચોમાસાના દિવસોમાં ભારે વરસાદ થતો ત્યારે બધે પાણી ભરાઈ જવાથી ખેતરે જઈ શકાતું નહિં અને અવધૂતની સેવા પણ થતી નહિ. તે દિવસે અવધૂત ભૂખ્યા રહેતા કારણ કે તેમને અવધૂતનાં દર્શન કર્યા પછી જ ભોજન લેવાનો નિયમ લીધો હતો.

સંતની સેવા ના થવાનું ભગતને બહુ દુઃખ થતું. એક દિવસ ભગતે સંતને અરજ કરી. મહારાજ! આપ ગામની પાસે નજીકમાં પધારો જેથી આપની સેવા સારી રીતે થઈ શકે. અવધૂત તો દયાના સાગર હતા. તેમણે નડિયાદની નજીક છાંગેશ્વર મહાદેવની પાસે આવેલી બોરડીની ઝાડી-ઝાંખરીવાળી ટેકરા ઉપરની જગ્યા પસંદ કરી અહીં જ ધૂણી ધખાવી. આ જગ્યા તે મંત્ર મંદિર.

## ૮. મંત્રકૂપ

૧૨૬. શ્રી સંતરામ મહિમાસાર આ, સંભળાવું વિસ્તાર,
મંત્રકૂપ અવધૂત લીલાનો, પ્રસંગ ના વિસરાય.

૧૨૭. પાણીની આપદા હતી, આદેશ કર્યો અવધૂત,
પાવડો-કોદાળી-તબાસળુ, જા ભગત લઈ આવ તૂર્ત.

૧૨૮. ખોદવા માંડ કુવો અહીં, અમે માટી નાખીએ બહાર,
નીચું જોઈને આપજે, ના ઊંચુ જોઈશ લગાર.

૧૨૯. માટી ખોદી તબાસળુ, ભગત આપે ઊંચે હાથ,
નીચા નમી અવધૂત લે, તબાસળુ બે હાથ.

૧૩૦. ખોદતાં ખોદતાં ભગતને, આવ્યો વિચાર એમ,
ઊંડુ આટલું હોય તોય, તબાસળુ પકડે કેમ.



૧૩૨. છાનું ઊંચુ જોયું ત્યાં, અવધૂત બોલ્યા વેણ,
આવ ભગત ઉપર હવે, જો ફુટી રહ્યું છે વહેણ.

૧૩૩. વહેણ ફુટ્યું પાણી આવ્યું, પણ પીવા લાયક નહિ,
ભગતને ધીરજ ના રહી, એની કહેણી કામયની રહી.

૧૩૪. મંત્રકૂપ અવધૂત લીલા, મંત્ર મંદિરની પાસ,
પ્રદક્ષિણા ભક્તો ફરે, શ્રદ્ધા ને વિશ્વાસ.

અહીં પાણીની તકલીફ હતી. એક દિવસ સંતે પાસે બેઠેલા ભગતને જગ્યા બતાવી આદેશ કર્યો. અહીં કુવો ખોદ. જા, પાવડો-કોદાળી-તબાસળુ લઈ આવ. તું માટી ખોદી તબાસળુ ભરીને ઉપર અમને આપજે, ઊંચુ જોઈશ નહિ, અમે માટી બહાર નાખીશું. ભગત માટી ખોદી નીચા મ્હોએ બે હાથ ઊંચા કરી સંતને તબાસળુ આપે અને સંત નીચા નમી બે હાથે તબાસળુ પકડી માટી બહાર નાખી આવે. આમ માટી ખોદતાં ખોદતાં ભગતને વિચાર આવ્યો. આટલું ઊંડુ ખોદયું તોય સંત તબાસળુ કેવી રીતે પકડી માટી બહાર નાખે છે ? ભગતે છાનુમાનું ઊંચું જોઈ લીધું. અવધૂતે કહ્યું, ભગત, ઉપર આવી જા, જો વહેણ ફૂટી રહ્યું છે. વહેણ ફૂટ્યું, પાણી આવ્યું પણ તે પીવાલાયક ન હતું. ભગતે શંકા કરી તેનું પરિણામ કાયમની કહેણ બની ગયું.

અવધૂતની લીલાવાળો આ કુવો-મંત્રકૂપ-સમાધિ ચોકમાં મંત્રમંદિરની પાસે આવેલો છે. ભક્તો દરરોજ સવારે શ્રદ્ધા-ભક્તિપૂર્વક પ. પૂ. જય મહારાજશ્રી સાથે મંત્રકૂપની પ્રદક્ષિણા કરે છે.

## ૯. પંચોતેરિયા વડથી પાછા લઈ આવ્યા

૧૩૫. શ્રી સંતરામ મહિમાસાર આ, સંભળાવું વિસ્તાર,
પંચોતેરિયા વડ પાસેના, પ્રસંગને કરું યાદ.

૧૩૬. સદા નિજાનંદમાં, અવધૂત રહેતા મસ્ત,
ગામ પાસે આવ્યા પછી, ભક્તો કરતા ત્રસ્ત.

૧૩૭. વહેલી સવારથી રાત સુધી, ભક્તોની રહેતી ભીડ,
ધ્યાન સમાધિ થાય નહિ, અવધૂતને ચડતી ચીડ.

૧૩૮. ઉનાળાનો દિવસ હતો, બપોરનો વખત,
અવધૂત ચાલી નીકળ્યા, કોઈને કહ્યા વગર.

૧૩૯. ભરબપોરે પણ હતો, રસ્તે જતો કોઈ ભક્ત,
અવધૂતને તે જોઈ ગયો, મનમાં થયો આશંક.

૧૪૦. સ્થાન છોડી કદી જાય નહિ, આજ અવધૂત ચાલ્યા કેમ?
જરૂર દાળમાં કાળુ છે, મન મ્હારું કહે છે એમ.

૧૪૧. તરત તે પાછો વળ્યો, કરી પુંજા ભગતને વાત,
ભગત ઝટ બેઠા થયા, કાને પડી જ્યાં વાત.

૧૪૨. પાઘડી પહેરી ના પહેરી, હાથમાં લીધી ડાંગ,
રુક્યા નહિ બુટ પહેરવા, ચાલ્યા લાંબી ફલાંગ.

૧૪૩. પંચોતેરિયા વડ પાસે, પકડી પાડ્યા સંત,
અવધૂતની સામે જઈ, ખડા રહ્યા મૂર્તિમંત.

૧૪૪. પ્રભુ ગુન્હો શો માહરો, આમ ચાલ્યા અવળે પંથ,
સેવામાં ચૂક હોય તો, બતાવી દો ભગવંત.

૧૪૫. સાધુ તો ચલતા ભલા, અવધૂત બોલ્યા એમ,
ના રોકો અમને હવે, અમે જઈશું ફાવે તેમ.

૧૪૬. પુંજા ભગત લાંબા થઈ, સૂઈ ગયા ચત્તાપાટ,
ચરણ મૂકી આ દાસ પર, ભલે સિધાવો નાથ.

૧૪૭. સંત હૃદય પીગળી ગયું, વહે અશ્રુની ધાર,
નીચા નમી બે હાથથી, ઊઠાડી લીધા બાથ

૧૪૮. ભેટી પડ્યા અવધૂત ભગત, વાણી થઈ ગઈ બંધ,
ભવોભવનાં બંધન છૂટ્યાં, ના છૂટ્યા હાથના બંધ.

૧૪૯. ભક્ત અને ભગવાનની, આંખો ચાર થઈ એક,
આંખોથી વાતો થઈ, થઈ ગયા બંને એક.

૧૫૦. અવધૂત બોલ્યા ભક્તને, વશ થયા અમે આજ,
ના હવે જાશું કદી, તમને વગર બતાવે કાજ.



૧૫૧. સેવા કરીશું ખંતથી, અમે પેઢી દર પેઢી,
આશિષ આપો બાપજી, તમે કરી આપો કેડી.

૧૫૨. માગો વર તે આપીશું, પ્રસન્ન થયા અમે આજ,
શું ઈચ્છો અમથી તમે, બતાવી દો ભલી ભાત.

૧૫૩. ના ઈચ્છા મુજને કશી, ના માગું કંઈ ગુરુ પાસ,
માગું આપવું હોય તો, રહે ચરણકમળમાં વાસ.

૧૫૪. અવધૂતને પાછા લઈ, ભગત આવ્યા મંદિરમાં,
બોડાણો જેમ લાવીયો, રણછોડરાયને ડાકોરમાં.

૧૫૫. ધન્ય ભગત પુંજા પટેલ, ધન્ય ભગત કરી'તી જેણે વાત,
એ બે ભક્તોના કારણે, સંતરામ આજ નડિયાદ.

પુંજા ભગતની વિનંતીથી અવધૂત નડીઆદની નજીક તો આવ્યા પણ ભક્તો વહેલી સવારથી મોડી રાત સુધી તેમની પાસે આવતા-જતા હોવાથી અવધૂતને ધ્યાન સમાધિમાં વિક્ષેપ થતો. એક દિવસ બપોરના અવધૂત છાનામાના કોઈને કહ્યા વિના ચાલી નીકળ્યા. ઉનાળાનો ભર બપોર હોવા છતાં રસ્તે જતો કોઈ ભક્ત અવધૂતને જોઈ ગયો. તે તરત જ પાછો વળી પુંજા ભગત પાસે ગયો અને તેમને બધી વાત કરી. વાત સાંભળતા જ પુંજા ભગત તરત જ માથે પાઘડી પહેરી, હાથમાં ડાંગ લઈ બુટ પહેરવા પણ રોકાયા વગર હાંફળા-ફાંફળા અવધૂતની પાછળ ચાલી નીકળ્યા. પંચોતેરિયા વડ પાસે અવધૂતની સામે જઈ બે હાથ જોડી ઊભા રહ્યા. સેવામાં કચાશ રહી હોય તો માફી માગી તેમને પાછા આવવા વિનંતી કરવા લાગ્યા.

અવધૂત કહે, 'સાધુ તો ચલતા ભલા' અમોને રોકશો નહિ. અમે મન ફાવે ત્યાં જઈશું. આ સાંભળી પુંજાભાઈ આભા બની ગયા, તરત જ લાંબા થઈ ચત્તાપાટ સૂઈ ગયા. જવું હોય તો આ 'દાસ'ની છાતી ઉપર ચરણ મૂકીને ભલે સિધાવો. ભગતનો આવો ઉત્કટ ભાવ જોઈને તેમની આંખો હર્ષાશ્રુથી છલકાઈ ગઈ. નીચા નમી બે હાથથી ભાવપૂર્વક પુંજા ભગતને ઊભા કર્યા. તેમને ભેટી પડ્યા. કેટલીય વાર સુધી આમ ભેટેલા રહ્યા. કોઈ કંઈ બોલી શક્યું નહિ. તેમની વાણી બંધ થઈ ગઈ હોય તેમ બંને એકબીજાને જોઈ જ રહ્યા. આંખોથી વાતો થઈ ગઈ. જાણે અવધૂત પોતાની કૃપાદૃષ્ટિથી પુંજા ભગતમાં શક્તિપાત ન કરતા હોય ?

અવધૂતે ભગતને કહ્યું અમે તમોને વશ થયા છીએ. હવે પછી તમોને જાણ કર્યા સિવાય અમે ક્યાંય જઈશું નહિ. ભગતે સામે કોલ આપ્યો. અમે પણ પેઢી દર પેઢી આપની સેવા કરીશું. અમોને શક્તિ આપો. આશીર્વાદ આપો. અમારા કુટુંબ માટે સેવાના નિયમો કરી આપો. ભગતની નમ્રતાથી અતિ પ્રભાવીત થઈ અવધૂતે ભગતને કંઈ વરદાન માગવા આગ્રહ કર્યો પણ ભગતે નિર્લેપ ભાવે કહ્યું, ગુરુદેવ પાસે કંઈ જ માગવાની ઈચ્છા થતી નથી. બસ, આપના ચરણ-કમળમાં મને સ્થાન આપો.

આમ પુંજા ભગત અવધૂતને મંદિરે પાછા લઈ આવ્યા. ભક્તરાજ બોડાણો પણ આવી જ રીતે અનન્ય ભક્તિભાવથી દ્વારકાધીશને ડાકોર લઈ આવ્યો હતો ને ?

ધન્ય છે ભક્તરાજ પુંજા પટેલને અને ધન્ય છે એ અનામી ભક્તને જેણે પૂંજા ભગતને અવધૂતના ચાલ્યા જવાની વાત સમયસર કરી તેમને ચેતવી દીધા હતા. આ બે ભક્તોને કારણે જ આજે સંતરામ મહારાજ નડિયાદમાં બિરાજમાન છે. બંને ભક્તોને ઘણાં ઘણાં વંદન.

## ૧૦. શ્રી સંતરામ-લક્ષ્મણદેવનું નડીઆદમાં મિલન થયું

**૧૫૬. શ્રી સંતરામ મહિમાસાર આ, સંભળાવું વિસ્તાર,**
**શ્રી સંતરામ લક્ષ્મણ દેવના, મિલનની કહું વાત.**

**૧૫૭. કસોટીકાળ પૂરો થયો, દયાર્દ્ર બન્યા સંતરામ,**
**લક્ષ્મણને સંકેત કર્યો, અમે મળીશું નડિયાદ ધામ.**

**૧૫૮. લક્ષ્મણ શોધતો આવીયો, કરી પીપલગમાં તપાસ,**
**ભાળ મળી અવધૂતની, સંત ચાલી ગયા નડિયાદ.**

**૧૫૯. પગમાં જોર આવ્યું સુણી, મૂકી નડિયાદ તરફ એને દોટ,**
**આવી પહોંચ્યો હાંફતો અંતે અવધૂતની જોડ.**

**૧૬૦. પડતું મૂક્યું ચરણમાં, હવે ના રહ્યું પગમાં જોર,**
**અશ્રુની ધારા વહી, તૂટી ગયો બંધનો દોર.**

**૧૬૧. સમજ પડી ના કોઈને, હતા અવધૂતની આસપાસ,**
**જોઈ રહ્યા આભા બની, સૌ અવધૂતનો પ્રતિસાદ.**



**૧૬૨. શાંત-સ્વસ્થ ઉભા રહ્યા, અવધૂત બેફિકર,**
**લક્ષ્મણને રડવા દીધો, થયું હળવું એનું જિગર.**

**૧૬૩. પ્રસન્ન ચિત્ત નીચા નમી, ઊઠાડ્યો દઈ હાથ,**
**છાતી સરસો ચાંપીયો, શમ્યા ભવોભવના પરિતાપ.**

**૧૬૪. લક્ષ્મણ તું આવ્યો ખરો, અમે જોઈ રહ્યા'તા વાટ,**
**સાચી પકડી વાટ તેં, હવે સંકોરજે તું વાટ.**

**૧૬૫. ભરત મિલાપ શ્રીરામનો, શ્રીકૃષ્ણ સુદામા જેમ,**
**શ્રી સંતરામ-લક્ષ્મણદેવનો, થયો મિલાપ નડિયાદ તેમ.**

વરાડમાં ભજન મંડળીને હાથતાળી દઈ અદૃશ્ય થઈ ગયેલા જોગી જટાળા અવધૂતે ભજન મંડળીના એ જનમ જનમના પ્યાસા ભક્ત લક્ષ્મણદાસને "અમે મળીશું નડિયાદ ધામ" એવો સંકેત કર્યો. લક્ષ્મણદાસ અવધૂતની શોધમાં રઝળપાટ કરતા પીપલગમાં આવ્યા. તેમને જવાબ મળ્યો, સંત તો નડીઆદ ચાલ્યા ગયા છે. નડિયાદનું નામ સાંભળતાં જ થાકેલા પગમાં જોર આવ્યું. તેમણે તરત જ નડિયાદ તરફ દોટ મૂકી. અંતે તેઓ હાંફતા-હાંફતા અવધૂતની પાસે આવી પહોંચ્યા. હવે તેમના પગમાં જોર રહ્યું નહિ. અવધૂતના ચરણોમાં પડતું મુક્યું. અશ્રુની ધારા વહી રહી. અવધૂતની આસપાસ રહેલા ભક્તોને આની કંઈ જ ખબર ના પડી. તેઓ બધા આભા બની અવધૂતના પ્રતિસાદની પ્રતિક્ષા કરી રહ્યા. પરંતુ અવધૂત નિર્લેપ ભાવે અતિતને નિહાળી રહ્યા. લક્ષ્મણને કંઈ વાર સુધી આમ રડવા દીધો. વર્ષોનો અવધૂત મિલનનો તલસાટ આમ વ્યક્ત થઈ રહ્યો હતો.

અવધૂતે પ્રસન્નાતાપૂર્વક નીચે નમી ભવોભવના પ્યાસા એ લક્ષ્મણને હાથનો ટેકો આપી પ્રસન્નતાપૂર્વક ઊઠાડ્યો, છાતી સરસો ચાંપ્યો. તેનાં ભવોભવનાં સંસારિક બંધન નષ્ટ થઈ ગયાં. અવધૂત બોલ્યા ''લક્ષ્મણ, તું આવ્યો ખરો. અમે તારી જ રાહ જોતા હતા. સાચે જ તેં સાચો રસ્તો પકડ્યો છે. હવે દિવાની વાટ પણ તું જ સંકોરજે આ સ્થાન તું જ સંભાળજે.''

વનવાસ પછી અયોધ્યામાં શ્રીરામ સાથે ભરતનો મિલાપ થયો હતો. દ્વારકામાં ગરીબ બ્રાહ્મણ સુદામા સાથે શ્રીકૃષ્ણ ભગવાનનો મિલાપ થયો. બરાબર એવું જ અલૌકિક મિલન નડિયાદમાં શ્રી સંતરામ-લક્ષ્મણદેવનું થઈ રહ્યું હતું.

## ૧૧. શ્રી સંતરામ મહારાજે સમાધિ લીધી

૧૬૬. શ્રી સંતરામ મહિમાસાર આ, સંભળાવું વિસ્તાર,
સંતરામ સમાયા જ્યોતમાં, એ મહાપુનમની આવે યાદ.

૧૬૭. કર્યો આદેશ લક્ષ્મણદાસને, યોગ શિખવા જાવ ગિરનાર,
અષ્ટાંગ યોગ શીખી તમે, પાછા આવો તત્કાળ.

૧૬૮. ગુરુઆજ્ઞા શિરોમાન્ય કરી, ચાલી નીકળ્યા લક્ષ્મણદાસ,
ફરતા ફરતા આવીયા, દત્તધામ ગઢ ગિરનાર.

૧૬૯. યોગ શીખી પાછા ફર્યા, ચૌદ વર્ષે લક્ષ્મણદાસ,
અવધૂતની સાથે રહી, કર્યો મંદિરનો વિકાસ.

૧૭૦. અવતાર કાર્ય પૂરું થયું, થયા સમાધિ લેવા તૈયાર,
પોષી પૂનમનો શુભ દિવસ, કર્યો સંતરામે નિર્ધાર.

૧૭૧. સંદેશો ખેડા મોકલ્યો, પુંજાભગતને ખાસ,
'મોટે ઘેર' જઈએ અમે, તમે આવી જાઓ તત્કાળ.

૧૭૨. રજા મને મળતી નથી, રાખો પંદર દિવસ તમે દૂર,
પ્રાર્થના મારી સાંભળો, યોગીરાજ અવધૂત.

૧૭૩. નક્કી કરી માઘ પૂર્ણિમા, સુણી અરજ પુંજાભાઈ,
વ્યાસ નારાયણ ભક્તને, લખી ટપાલ ઉમરેઠ મહીં.

૧૭૪. સંતો ભક્તો ભેગા થયા, આવ્યા ગામેગામેથી લોક,
ટોળેટોળાં ઉમટ્યાં, સૌ પર છવાયો શોક.

૧૭૫. ઘી-દિવેટનાં બે કોડિયાં, રાખજો સમીપ તૈયાર,
બ્રહ્મરંધ્રથી જ્યોત નીકળી, ઝડપી લેશે તત્કાળ.

૧૭૬. લક્ષ્મણ અમારું રૂપ છે, ના જોશો ભેદ લગાર,
સ્વરુપ અમારું જાણીને, સૌ કરજો સેવા-સત્કાર.

૧૭૭. પુંજાભાઈ માગો તમે, કરી સેવા અમારી ખાસ,
ના મળીશું અમે આ દેહમાં, માગો માગવું હોય તે આજ.



૧૭૮. કીર્તિ વધે આ સ્થાનની, વધે ભક્તોનો વિશ્વાસ,
ના ઈચ્છા મુજને કશી, ના માગું કંઈ ગુરુ પાસ.

૧૭૯. પુંજાભાઈ માગો ફરી, ફરી અવસર આવે નહિ હાથ,
કુટુંબ-કબીલા કાજ પણ, માગી લો કંઈ ખાસ.

૧૮૦. મહારાજ માગું એટલું, મારી નિયત ના બદલાય,
સાચી ભક્તિ આપજો, જીવનું કલ્યાણ થાય.

૧૮૧. છ ને ત્રીસ સમી સાંજનો, સમય થયો ઘડિયાળ,
બ્રહ્મરંધ્રથી જ્યોત નીકળી, દિવ્ય જ્યોત પ્રગટી તત્કાળ.

૧૮૨. સંતરામ સમાયા જ્યોતમાં, જ્યોત સંતરામ સ્વરુપ,
દર્શન કરતાં જ્યોતનાં, ભક્તો બને તદ્‌રૂપ.

૧૮૩. સંવત અઢારસો સિત્યાસી, માઘ પૂનમ ગુરુવાર,
લીધી જીવીત સમાધિ સંતરામે, સાકરવર્ષા થાય.

૧૮૪. સાકરવર્ષા, મહાઆરતી, સમાધિ ચોકમાં જય મહારાજ,
મહા પૂનમના દિવસે, ત્રિવેણી દર્શન થાય.

એક દિવસ ગિરનારી અવધૂતે લક્ષ્મણદાસને અષ્ટાંગ યોગ શીખવા ગિરનાર જવાનો આદેશ આપ્યો. 'ગુરુ આજ્ઞા પ્રમાણ' કરી લક્ષ્મણદાસે ગિરનારની વાટ પકડી. તેઓ ફરતા ફરતા દત્તધામ ગઢ ગિરનારમાં આવી પહોંચ્યા. ચૌદ વર્ષ સુધી ગિરનારમાં યોગાભ્યાસ કરી લક્ષ્મણદાસ નડિયાદ પાછા આવ્યા અને અવધૂતની સાથે રહી મંદિરનો વિકાસ કર્યો. આ અવધૂત એ જ આપણા દત્તસ્વરૂપ યોગીરાજ શ્રી સંતરામ મહારાજ.

પૃથ્વી પર આગમનનો હેત પૂરો થયો જાણી તેમણે નિર્વાણ માટે પોષ મહિનાની પૂનમનો શુભ દિવસ પસંદ કર્યો. પૂંજાભાઈ ખેડામાં સરકારી નોકરી કરતા હતા. તેમને પત્ર લખી આ હકીકત જણાવી. 'રજા મને મળતી નથી, રાખો પંદર દિવસ તમે દૂર' જવાબ મળ્યો. પુંજાભાઈની વિનંતિથી હવે મહા મહિનાની પૂનમનો દિવસ નક્કી કરી ઉમરેઠ વ્યાસ નારાયણને પણ પત્ર લખ્યો. બધા સંતો-ભક્તો આવી ગયા. ગામેગામથી લોકોનાં ટોળે ટોળાં ઉમટી પડયાં. સૌ ભક્તજન દુઃખી હતા.

અવધૂતે ઘી-દિવેટયુક્ત બે કોડિયાં તૈયાર રખાવ્યાં અને ભક્તોને કહ્યું, લક્ષ્મણ અમારું જ રૂપ છે, લક્ષ્મણદાસની અને અમારામાં લગીરેય ફેર જોશો નહિ. તમે સૌ અમારું સ્વરૂપ સમજીને લક્ષ્મણની સર્વ પ્રકારે સેવા-સત્કાર કરજો. પુંજા ભગતની અનન્ય સેવા લક્ષ્યમાં લઈ તેમને કંઈક વરદાન માગવા કહ્યું. તેમણે માગ્યું..........

**કીર્તિ વધે આ સ્થાનની, વધે ભક્તોનો વિશ્વાસ,**
**ના ઈચ્છા મુજને કશી, ના માગું કંઈ ગુરુ પાસ.**

આ સ્થાનનો મહિમા વધે, તેની કીર્તિ-સુવાસ ચારે બાજુ પ્રસરી રહે. બસ આ જ મારી ઈચ્છા છે. ગુરુદેવ પાસે બીજું કંઈ જ માગવાની ઈચ્છા થતી નથી.

પુંજાભાઈની લાગણીનો ઊભરો જોઈ અવધૂતે ફરીથી ટકોર કરી, પુંજાભાઈ આવો અવસર ફરી ફરી આવતો નથી માટે તમારા કુટુંબ-કબિલા માટે પણ કંઈક માગી લો.

ગુરુદેવનો વિશેષ ભાવ જોઈને છેવટે પુંજાભાઈએ માગ્યું કે ગુરુદેવ મારી નિયત ક્યારેય બદલાય નહિ, મને લોભ-લાલચ વળગે નહિ એવી સાચી ભક્તિ આપજો અને મારો ભવો ભવનો ફેરો ટળી જાય એવું કરજો મહારાજ.

આ વખતે ઘડિયાળમાં સાંજના સાડા છનો ટકોરો પડ્યો. બ્રહ્મરન્ધ્રમાંથી દિવ્ય જ્યોતિ પ્રગટી અને પાસેનાં બે તૈયાર રાખેલાં કોડિયાંને પ્રગટાવી ગઈ. જ્યોતમાં જ્યોત મળી ગઈ. સંતરામ જ્યોત સ્વરૂપ બની ગયા. આજે પણ ભક્તો જ્યોતમાં શ્રી સંતરામ મહારાજશ્રીનાં દર્શન કરી ભાવવિભોર થઈ જાય છે.

વિક્રમ સંવત ૧૮૮૭ના મહા મહિનાની પૂનમનાં દિવસે ગુરુવારે સાંજના સાડા છના સુમારે શ્રી સંતરામ મહારાજે જીવીતી સમાધિ લીધી હતી. તે સમયે આકાશમાંથી સાકરવર્ષા થઈ હતી. તે પ્રસંગની યાદ કાયમ કરવા આજેય સમાધિ ચોકમાં પૂ. જય મહારાજશ્રી મહાઆરતી ઉતારે છે ચારે બાજુથી સાકરવર્ષા કરવામાં આવે છે. વર્ષમાં એક વાર માઘ પૂર્ણિમાના દિવસે મહાઆરતીનાં દર્શન કરી ભક્તો ધન્યતા અનુભવે છે.

## ૧૨ રઢુ-કોયલી-કરમસદ શાખા મંદિર

**૧૮૫. શ્રી સંતરામ મહિમાસાર આ, સંભળાવું વિસ્તાર,**
**રઢુ - કોયલી - કરમસદના, કરું શાખા મંદિરની વાત.**

**૧૮૬. આવી રહ્યો'તો દર્શને, પગપાળા યાત્રિક સંઘ,**
**અજાણ હતો એ વાતથી કે લીધી જીવીત સમાધિ સંત.**



**૧૮૭ ભક્તવત્સલ સંતરામને, થઈ ચિંતા ભક્તોની ખાસ,**
**દર્શન દેવા સામે આવીયા મળ્યા રઢુ ગામે વાત્રક પાસ.**

**૧૮૮ દર્શન દઈ રાજી કર્યા, રાખી ભક્તોની લાજ,**
**રઢુ ગામ પાવન થયું, થયું શાખા મંદિર આજ.**

**૧૮૯. દરવાજાના ઓટલે, બેઠા'તા ધ્યાનીજી મહારાજ,**
**બે બહેનો દીઠી આવતી, લઈ હાથમાં ભોજનનો થાળ.**

**૧૯૦. પૂછ્યું બહેનો જાવ ક્યાં, હાથમાં લઈ આ થાળ,**
**ધરાવવા જઈએ અમે, મહારાજને પહેલો થાળ.**

**૧૯૧. થાળ મૂકીને જાવ તમે, અમે પણ છીએ મહારાજ,**
**પાછી વળી બહેનો મૂકી, મહારાજની પાસે થાળ.**

**૧૯૨. આવી પાછી થાળ લઈ, બેઉ બહેનો બીજીવાર,**
**પહેલી વાર ચોર કોણ મળ્યા'તા, પૂછ્યું સામેથી લક્ષ્મણદાસ.**

**૧૯૩. મહારાજના કહેવા થકી, બેઉ બહેનો બોલી એમ,**
**મહારાજ બેઠા ઓટલે, થાળ માગી લીધો એમ.**

**૧૯૪. બોલાવી ધ્યાનીજીને, વસ્ત્ર ઓઢાડી કર્યા વિદાય,**
**કહેજો ગુરુના ચોર છીએ, કરજો રાત પડે વિશ્રામ.**

**૧૯૫. ચાલી નીકળ્યા ધ્યાનીજી, ના ગુરુનિષ્ઠામાં કચાશ,**
**આવ્યા ફરતા કોયલી, કર્યો સ્મશાનમાં નિવાસ.**

**૧૯૬. જતાં-આવતાં ખેતરે, દીઠા અલગારી સંત,**
**આવવા લાગ્યા ભક્તો બહુ, કરવા સત્સંગ સંત.**

**૧૯૭. ધ્રૂજે તાવથી સંત બહુ, ત્યાં આવી ચડ્યો કોઈ ભક્ત,**
**ધાબળો મૂકી બાજુ પર, વાતોએ વળગ્યા સંત.**

**૧૯૮. ઉછળ-કૂદ કરે ધાબળો, જાણે આવ્યો એને તાવ,**
**વાતો કરતાં જોઈ રહ્યો, ભક્ત ધાબળાનો આ તાલ.**

**૧૯૯. અરજ કરી તેડી ગયો, ભક્ત સંતને એના ખેતર,**
**ખેતરની ફરતે ફરી, આવી બેઠા સૌની ભીતર.**

૨૦૦. સખત હીમ રાતે પડ્યું, થયો પાક સૌનો બળી ખાખ,
ખેતર એક એનું બચ્ચું, થયાં બાકીનાં સૌ રાખ.

૨૦૧. ધ્યાનીજી બેઠા ધ્યાનમાં, શરીર થઈ ગયું શૂન્ય,
સમજ પડી ના ભક્તને, એ થઈ ગયો શૂનમૂન.

૨૦૨. મડદુ માની અગ્નિદાહ, દઈ દીધો એને તરત,
શરીર બળ્યું ના સંતનું, થઈ ગયું કાળુ ભમર.

૨૦૩. સિધ્ધ શિષ્ય સંતરામના, હતા ધ્યાનીજી મહારાજ,
નડિયાદ લક્ષ્મણદાસને, ભગતે જણાવી વાત.

૨૦૪. સ્થાપો સમાધિ સંતની, રાખો દીપ અખંડ તેની પાસ,
સમાધિની સેવા કરો, ફુલ અગરબત્તીની સુવાસ.

૨૦૫. અખંડજ્યોત નડિયાદથી, લઈ આવ્યા કોયલીના લોક,
જ્યોત સ્વરૂપે સંતરામ, દિવ્ય દર્શન દેતા રોજ.

૨૦૬. દત્તુબેન નડિયાદનાં, પરણાવ્યાં કરમસદ ગામ,
ભગત હતાં સંતરામનાં, જ્યોત લાવ્યાં સાસરી ગામ.

કોઈ એક શ્રધ્ધાળુ યાત્રિક સંઘ ચમત્કારી સંત સંતરામનાં દર્શન કરવા આવી રહ્યો. શ્રી સંતરામ મહારાજે જીવીત સમાધિ લઈ લીધી છે એ બાબતથી તે સાવ અજાણ હતો. પરંતુ ભક્તો પર સદાય હેત વર્ષાવનાર ભક્તવત્સલ શ્રી સંતરામ મહારાજને આ ભલા - ભોળા ભક્તોની ચિંતા થવા લાગી. તે દયાનિધિ શ્રી સંતરામ મહારાજ એ ભક્તોને દર્શન દેવા - એમને કૃતાર્થ કરવા સામે આવ્યા. વાત્રક નદીના કિનારે રઢુ ગામના પાદરે સંત શ્રી સંતરામ મહારાજ આ સંઘને સામે મળ્યા. આમ રઢુ ગામ અવધૂત યોગીરાજનાં પુનીત પગલાંથી પાવન થયું અને શ્રી સંતરામ મંદિરનું શાખા મંદિર બન્યું.

છાંગેશ્વર મહાદેવની પાછળની ઝાડીમાં ધ્યાનમગ્ન રહેતા ધ્યાનીજી મહારાજ શ્રી સંતરામ મંદિરના સિદ્ધ સંત હતા. એક દિવસ મંદિરના નોબતવાળા મુખ્ય દરવાજાના ઓટલે બેઠા હતા. એ વખતે બે બહેનો હાથમાં ભોજનનો થાળ લઈને ત્યાંથી પસાર થતી હતી. ધ્યાનીજી મહારાજે તેમને પૂછ્યું, થાળ લઈને ક્યાં જાવ છો ? બહેનોએ કહ્યું મહારાજને પહેલો થાળ ધરાવવા જઈએ છીએ. અમે પણ મહારાજ છીએ. આ થાળ અહીંજ મૂકીને જાવ. બંને બહેનો થાળ ધ્યાનીજી મહારાજ પાસે મૂકી પાછી વળી. થોડીવારે બંને બહેનો થાળ લઈને ફરીથી આવી.



લક્ષ્મણદાસ મહારાજે તેમને સામેથી પૂછ્યું કે પહેલીવાર આવ્યાં ત્યારે તમને કોણ ચોર મળ્યા હતા ? મહારાજના પૂછવાથી બંને બહેનોએ બધી હકીકત કહી સંભળાવી.

લક્ષ્મણદાસ મહારાજે ધ્યાનીજી મહારાજને બોલાવી વસ્ત્ર ભેટ આપી અહીંથી વિદાય થવાનો સંકેત આપ્યો. તેમને કહ્યું કે, કોઈ પૂછે તો કહેજો ‘અમે ગુરુના ચોર છીએ’. જ્યાં રાત્રિ પડે ત્યાં વિસામો કરજો. ધ્યાનીજી મહારાજ લક્ષ્મણદાસ મહારાજની આજ્ઞા શિરોમાન્ય કરી સ્થાન છડી ગયા. ફરતા ફરતા કોયલી ગામે આવ્યા. અહીં સ્મશાન પાસે મુકામ કર્યો. ગામના ખેડૂતો જતાં-આવતાં આ અલગારી સંત પાસે સત્સંગ કરવા આવતા.

એક દિવસ ધ્યાનીજી મહારાજ તાવમાં પટકાયા. ધાબળો ઓઢી તાવથી ધ્રૂજતા હતા. ત્યાં કોઈ ભગત આવી ચઢ્યો. મહારાજ ધાબળો બાજુએ મૂકી તેની સાથે વાતોએ વળગ્યા. સત્સંગ ચાલતો હતો. બાજુમાં મૂકેલો ધાબળો ઊંચો-નીચો ધ્રૂજતો હતો. જાણે તેને તાવ આવ્યો હોય. સત્સંગ વખતે ભગત વારંવાર આ ધાબળા સામે જોયા કરતો હતો. સિદ્ધ સંતો માટે આવા ચમત્કાર સહજ હોય છે.

ધ્યાનીજી મહારાજ પાસે આવી કોઈ ભગતે પોતાના ખેતરમાં પધરામણી કરવા વિનંતી કરી. સંત તેના ખેતરમાં ચારે બાજુની વાડે ફેરો ફરી બધાની સાથે આવીને બેઠા. એ રાત્રે હીમ પડ્યું. બધાંના ખેતરનો પાક બળી ગયો. જ્યારે સંતની પધરામણીવાળું એ ખેતર લીલુછમ રહ્યું.

ધ્યાનીજી મહારાજ ઘણો વખત ધ્યાનમાં મગ્ન રહેતા. એક દિવસ સમાધિ લાંબી ચાલી. શરીર નિશ્ચેષ્ટ થઈ ગયું. ભગત ગભરાઈ ગયા. સંતને મૃત્યુ પામેલા માની અગ્નિદાહ દઈ દીધો પણ સંતનું શરીર બળ્યું નહિ. કાળુ-કાળુ થઈ ગયું. ધ્યાનીજી મહારાજ નડિયાદ સંતરામ મંદિરના સિદ્ધ સંત હતા એમ ભગત જાણતા હતા. તેમણે નડિયાદ શ્રી લક્ષ્મણદાસ મહારાજને બધી હકીકતથી વાકેફ કર્યા. લક્ષ્મણદાસ મહારાજે સંતની સમાધિ બનાવી તેની પાસે અખંડ દીવો રાખી ફૂલ-અગરબત્તીથી દરરોજ સેવા-પૂજા કરવાની આજ્ઞા કરી. કોયલીના ભક્તોએ નડિયાદથી અખંડજ્યોત લાવી અહીં પધારાવી. ત્યારથી જ્યોત સ્વરૂપે શ્રી સંતરામ મહારાજ રોજ કોયલીમાં દર્શન આપી રહ્યા છે.

નડિયાદ કાકરખાડમાં રહેતાં દત્તુબેનને કરમસદ પરણાવેલાં. તે શ્રી સંતરામ મહારાજનાં અનન્ય ભક્ત હતાં. અહીં દરરોજ શ્રી સંતરામ મહારાજનાં દર્શન થાય એટલા માટે તે નડિયાદથી સાસરીના ગામ કરમસદમાં સંતરામની જ્યોત લઈ ગયાં હતાં.

## ૧૩. શ્રી સંતરામ મંદિરની પ્રણાલિકા

૨૦૭. શ્રી સંતરામ મહિમાસાર આ, સંભળાવું વિસ્તાર,
પ્રણાલિકા સંતરામની, સાંભળજો દઈ ધ્યાન.

૨૦૮. મંદિરના નિયમો કર્યા, લક્ષ્મણદાસ મહારાજ,
નિગાહ રાખે મહંતશ્રી, સંત-સાધુ, સેવક સમાજ.

૨૦૯. મંદિર બહાર જવું નહિ, મહંત જે ગુરુસ્થાન,
અખંડ જ્યોત જલતી રહે, સદા રાખે તેનું ધ્યાન.

૨૧૦. ઊઠવું બ્રાહ્મ મુહૂર્તમાં, સેવા કરવી સમાધિસ્થાન,
જપ-તપ-ધ્યાન-સમાધિમાં, રહેવું સદા મસ્તાન.

૨૧૧. આકાશીવૃત્તિ રાખવી, ના માગવું કોઈની પાસ,
ફંડ-ફાળો કરવો નહિ, કદી મંદિરને કાજ.

૨૧૨. પ્રભુ ભજન સત્સંગ સદા, કરવો બારે માસ,
સંત-સાધુ, હરી ભક્તને, ના કરવો કદી નિરાશ.

૨૧૩. નાત-જાત ભેદ ધર્મનો, ના રાખવો મંદિરમાં,
ધન સંચય કરવો નહિ, ખર્ચ કરવો જનસેવામાં.

૨૧૪. જનસેવા કરવી સદા, આપવું ભૂખ્યાને ભોજન,
દુઃખીયાનાં દુઃખ દૂર કરી, સૌને આપવું આશ્વાસન.

શ્રી સંતરામ મહારાજના પટ્ટશિષ્ય સંતરામ સ્વરૂપ શ્રી લક્ષ્મણદાસ મહારાજે મંદિરના સુચારુ સંચાલન માટે માર્ગદર્શક નિયમ-પ્રણાલી નક્કી કરી હતી. તે પ્રમાણે મંદિરમાં રહેતા સંત-સાધુ-સેવકના વ્યવહાર-વર્તન ઉપર મંદિરના મહંતશ્રી સતત નિગાહ રાખતા હોય છે. ગુરુસ્થાન નડિયાદના મહંતશ્રીએ અખંડ દીવાને સતત સળગતો રાખવાની મુખ્ય જવાબદારી નિભાવવાની હોય છે. તેઓ મંદિરના પરિસરની બહાર જઈ શકતા નથી. શાખા મંદિરના મંહતશ્રીઓએ પણ બ્રહ્મ મુહૂર્તમાં ઊઠવું, આખો દિવસ જપ-તપ-ધ્યાન-સમાધિમાં રહેવુ, મંદિરના નિભાવ માટે આકાશીવૃત્તિ રાખવી, ક્યારેય કોઈની પાસે કંઈ માગવું-ફંડફાળો ઉઘરાવવો નહિ. પ્રભુ ભજન, સત્સંગ સતત ચાલુ રાખવો, મંદિરમાં આવતા સંત-સાધુ કે હરીભક્તનું સન્માન કરવું, તેને નિરાશ કરવો નહિ કે મંદિરમાં કોઈપણ જાતનો



નાત-જાત-ધર્મનો ભેદભાવ રાખવો નહિ. ધનનો સંગ્રહ કરવાની વૃત્તિ ન રાખતાં ઉદારતાથી જનકલ્યાણના કાર્યમાં ધનનો ખર્ચ કરતા રહેવું. બધાંને ભોજન આપવું. દુઃખીયાનાં દુઃખ દૂર કરવાં, આમ સૌને આશ્વસન આપી સૌનાં મન સાચવવાં એ ગુરુ મહારાજનો શાખા મંદિરના મહંતશ્રીઓને આદેશ છે.

## ૧૪ શ્રી સંતરામ મંદિરની જનસેવા પ્રવૃત્તિઓ

૨૧૫ શ્રી સંતરામ મહિમાસાર આ, સંભળાવું વિસ્તાર,
જનસેવા સંતરામની કહેતાં ન આવે પાર.

૨૧૬ જનસેવા સંતરામની નાના પ્રકારે થાય;
પહેલું સુખ જાતે નર્યા, આરોગ્યથી શરૂ થાય.

૨૧૭ તાવ-પેટ-માથું દુઃખે, ઝાડા-મરડો-ગુમડાં થાય,
ઈલાજ નાની બિમારીનો, દર્દી રાહત કેન્દ્રમાં થાય.

૨૧૮ મોતિયો-ઝામર-નેત્રમણિ, નેત્રાખીલ-બેતાળાં-વેલ,
સેવા સુશ્રુષા-શસ્ત્રક્રિયા, નેત્રચિકિત્સાલયનો ખેલ.

૨૧૯ ઔષધ વિતરણ કેન્દ્રમાં, સોમ-બુધ-શુક્રવાર,
દવા-ઈન્જેકશન-ટયુબ-ગોળી, મળે પ્રિસ્કિપ્શન આધાર.

૨૨૦ એક્સ રે-સોનો-લેબ-ફિઝિઓ, સી.ટી. સ્કેન મોંઘી જણાય,
આરોગ્ય સેવા સંતરામની, રાહતમાં મળતી થાય.

૨૨૧ સડેલા-દુઃખતા, હાલતા દાંત-દાઢનો ના ઉપાય,
'જાલંધર બંધ' યોગથી, દાંત પીડા રહિત દૂર થાય.

૨૨૨ અકસ્માત-એટેક કે, દર્દી સિરીયસ હોય,
હોસ્પિટલમાં લઈ જવા, એમ્બ્યુલન્સ વાન સેવા હોય.

૨૨૩ ગભરામણના કારણે, શ્વાસમાં તકલીફ થાય,
ઓક્સીજન સીલીન્ડર સેવા, સંતરામમાં મળતી ખાસ.

૨૨૪ દવાખાનાં નડિયાદનાં, દર્દીઓથી ઉભરાય,
દર્દી ભોજનની સેવા, સંતરામમાંથી થાય.

૨૨૫ નિષ્ણાત માનદ્ ડૉકટરો, સેવા આપે વિધવિધ વાર,
તપાસે દર્દીને ભાવથી, રોગ નિદાન કરે વિગતવાર.

૨૨૬ કીડની-હાર્ટ હોસ્પિટલ, પ્રસિદ્ધ ગુજરાત બહાર,
દૂર દૂરથી આવતા, દર્દીઓ બેસુમાર.

૨૨૭ અતિ આધુનિક સારવાર મળે, ખર્ચો બહુ વધી જાય,
ભાડે રહેવું પોષાય નહિ, દિવસો-મહિના લાગી જાય.

૨૨૮ સંતરામ મંદિર નડિયાદમાં, સવલત સૌની સચવાય,
રહેવું-જમવું મફત મળે, ખર્ચમાં રાહત થાય.

૨૨૯ દૂર ગામોમાંથી આવતા, મધ્યમ વર્ગના છાત્રો ખાસ,
શાંતિ સદન હોસ્ટેલમાં રહી કરતા વિદ્યાભ્યાસ.

૨૩૦ કામધંધાને કારણે, નડિયાદમાં આવતા જેહ,
ત્રણ દિવસ આરામથી, રહે અતિથિ નિવાસમાં તેહ.

૨૩૧ અતિવૃષ્ટિના કારણે, નિચાણમાં પાણી ભરાય,
ઝૂંપડપટ્ટીના ગરીબ લોક, મંદિરમાં આવી જાય.

૨૩૨ પાણી રહેતું જ્યાં સુધી, બને મંદિર તેમનું ઘર,
સવાર-સાંજ ભોજન મળે, ના સાંભળે તેમને ઘર.

૨૩૩ ચોમાસાના દિવસોમાં, સઘળે પાણી ભરાય,
વાહન-વ્યવહાર ઠપ થતાં, શું દર્દીઓની હાલત થાય.

૨૩૪ ચ્હા સમયે ચ્હા અને, ભોજન સમયે ભોજન,
દવાખાનામાં પહોંચાડી, કરે મંદિર સૌનું જતન.

૨૩૫ આસપાસનાં ગામોમાં, ટ્રક સવારે પહોંચી જાય,
અનાજ-કપડાં ચીજ-વસ્તુનું, ગામ લોકમાં વિતરણ થાય.

૨૩૬ અબોલ-મુંગાં પ્રાણીઓની, કોણ લે સંભાળ,
સંતરામ મંદિર પહોંચતું, લઈ ઘાસ-ચારાની લ્હાણ.

૨૩૭ રેલ્વે અકસ્માત હોય કે, હોય વાવાઝોડું - ભૂકંપ,
જાણ થતાં સંતરામને, સહાય પહોચી જતી તુરંત



૨૩૮ ગરીબ-નિરાધાર-વિધવા, બહેનો મધ્યમવર્ગની હોય,
ગુપ્ત સહાય અનાજની, દર મહિને મળતી ત્યાંય.

૨૩૯ નાની-મોટી સંસ્થાઓ, નડિયાદ ને અન્ય ગામ,
સહાય મળતી સર્વને, જનસેવાનું એ પણ કામ.

૨૪૦ રજાઓ પડે નિશાળમાં, વેકેશન કહેવાય,
ધોમ ધખતા તાપમાં, વિદ્યાર્થીઓ આળસુ થાય.

૨૪૧ વિદ્યાર્થીઓને કામ મળે, સંસ્કાર સિંચન થાય,
'ગીતાજ્ઞાન પ્રસાર સત્ર', સંતરામમાં શરૂ થાય.

૨૪૨ ભગવદ્ ગીતા-વિષ્ણુસહસ્ત્રના, શ્લોકો મોંઢે બોલી જાય,
શિક્ષણ ઉપયોગી વસ્તુઓ, પુરસ્કારમાં પ્રાપ્ત થાય.

૨૪૩ ટીપે ટીપે સરોવર ભરાય, રકમ મોટી થાય,
મોંઘવારીના દિવસોમાં, મા-બાપને રાહત થાય.

૨૪૪ સંસ્કાર વર્તુળ દે'રીએ, શિશુકેન્દ્ર મંદિરમાં,
શિક્ષણ સાથે સદ્ધર્મનું, કરે સિંચન બાળકોમાં.

૨૪૫ સુવિચાર લેખન સંતરામ સેવા, નિત્ય લત્તે-પોળે લખાય,
નડિયાદ ને અન્ય ગામોમાં, સુવિચાર પ્રેમે વંચાય.

૨૪૬ નારાયણદાસ મહારાજ થકી, જનસેવા બહુ થાય,
સંતરામના ભક્તો બધા, જનસેવામાં લાગી જાય.

જનસેવાના ભાગરૂપે નડિયાદ સમાધિસ્થાનમાં ગરીબ-મધ્યમ વર્ગના લોકોના હિતાર્થે દર્દી રાહત કેન્દ્રમાં નજીવા દરે કેસ કાઢી તાવ-ઝાડા-મરડો, માથુ-પેટ દુઃખવું તથા પાટાપીંડીની સારવાર આપવામાં આવે છે. નેત્ર ચિકિત્સાલયમાં નજીવા દરે કેસ કાઢી મોતિયો-ઝામર-નેત્રખીલ-વેલ-બેતાલાંની સારવાર તથા નેત્રમણિ બેસાડવા તથા આંખનાં ઓપરેશનની સેવા વિના મૂલ્યે આપવામાં આવે છે. દર સોમ-બુધ-શુક્રવારે ડૉકટરે લખી આપેલી દવા-ઈન્જેકશન, ટ્યૂબ, ગોળી વિના મૂલ્યે આપવામાં આવે છે. એક્સ-રે, સોનોગ્રાફી, સી.ટી. સ્કેન લેબોરેટરી ટેસ્ટ વગેરે ખૂબ રાહત દરે કરી આપવામાં આવે છે. ગરીબ દર્દીઓને બધી સેવા વિના મૂલ્યે આપવામાં આવે છે.

જાલંધરબંધ પદ્ધતિથી સડેલા, દુઃખતા, તૂટેલા દાંત કાઢી આપવામાં આવે છે. એમ્બ્યુલન્સ સેવા, ઓક્સીજન સીલીન્ડર સેવા મફત આપવામાં આવે છે. નજીવા દરે ફીજીયોથેરાપી સારવાર આપવામાં આવે છે. નક્કી કરેલા વારે નિષ્ણાત ડૉક્ટરો વિવિધ રોગનિદાન કરી જરૂરી માર્ગદર્શન આપે છે. નડિયાદ શહેરની હોસ્પિટલોમાં દાખલ થયેલ દર્દી અને તેના સગાને રહેવા-જમવાની વિના મૂલ્યે સવલત આપવામાં આવે છે. શાંતિસદન હોસ્ટેલમાં બહારગામના વિદ્યાર્થીઓને નજીવા દરે રહેવાની તેમજ વિના મૂલ્યે જમવાની સવલત આપવામાં આવે છે. બહારગામથી ધંધો રોજગાર માટે કે અન્ય કામે આવતા અતિથિઓને નજીવા દરથી રહેવાની સવલત આપવામાં આવે છે.

રેલ્વે અકસ્માત, અતિવૃષ્ટિ, દુષ્કાળ, ભૂકંપ જેવી આફતોમાં શ્રી સંતરામ મંદિર તરફથી ફુડ પેકેટ્સ, કપડાં, અનાજ તથા પશુઓ માટે ઘાસચારો વિતરણ વગેરે સેવાઓ સ્થળ પર જઈ આપવામાં આવે છે.

ઉનાળાના વેકેશનમાં નવરાશના સમયનો સદુપયોગ થાય, બાળકોમાં ધાર્મિક સંસ્કાર જાગૃત થાય, વાલીઓને શિક્ષણ ખર્ચમાં રાહત થાય એવા શુભ હેતુથી ગીતાજ્ઞાન પ્રચાર સત્રામાં શ્રીમદ્ ભગવદ્ગીતા અને શ્રી વિષ્ણુસહસ્ત્રનામસ્તોત્રમ્ ના શ્લોકો મોઢે બોલી જનાર વિદ્યાર્થીઓને શૈક્ષણિક પુરસ્કાર આપવામાં આવે છે.

આધ્યાત્મિક-ધાર્મિક સંસ્કાર તથા આયુર્વેદિક ઉપચાર અંગે ઉપયોગી માર્ગદર્શન - દિશાસૂચન મળે તે માટે સુવિચાર લેખન પ્રવૃત્તિ નડિયાદ અને અન્ય ગામ-શહેરમાં ૪૦૦ થી વધુ સ્થળે ચાલે છે.

શિશુકેન્દ્ર અને સંસ્કાર વર્તુળ દ્વારા બાળકોની સુશુપ્ત શક્તિઓના વિકાસ માટે શૈક્ષણિક-શારીરિક-માનસિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહીત કરવામાં આવે છે.

યોગીરાજ અવધૂત દત્તસ્વરૂપ શ્રી સંતરામ મહારાજની દિવ્ય અખંડજ્યોતના આશીર્વાદથી શ્રી સંતરામ સમાધિસ્થાન અને શાખા મંદિરો ગરીબ- મધ્યમ વર્ગના દુઃખી, રોગી લોકોની અનેક પ્રકારે સેવા કરી દરિદ્રનિરાયણ સેવાના આદર્શને મૂર્તિમંત કરી રહ્યા છે.

## ૧૫ નવનિર્મિત સમાધિસ્થાન

**૨૪૭ શ્રી સંતરામ મહિમા સાર આ, સંભળાવું વિસ્તાર**
**નવનિર્મિત સમાધિસ્થાનની વિગતો જણાવું ખાસ**



૨૪૮ નવનિર્મિત શુભ્ર આરસ, તણું, સમાધિસ્થાન સોહાય,
શુભ સંકલ્પ લક્ષ્મણદેવનો, નારાયણદાસ થકી પૂર્ણ થાય.

૨૪૯ કારસેવાથી ઉતારિયું, જૂનું સમાધિસ્થાન,
કારસેવકો ઉમટ્યા, નહિ નાત-જાતને સ્થાન.

૨૫૦ નાના-મોટાનો ભેદ નહિ, કારસેવામાં સૌ સમાન,
શ્રદ્ધા-ભક્તિ સંતરામની, પ્રમાણ સૌમાં સમાન.

૨૫૧ કારસેવા જેણે કરી, બડભાગી નર-નાર,
સાત પેઢી તેની તરી, થયો ધન્ય ધન્ય અવતાર.

૨૫૨ સંવત બે હજાર પંચાવન, શુભ માઘ પૂનમ રવિવાર,
નવનિર્મિત સમાધિસ્થાન થયું, લાગી ત્રણ વરસની વાર.

૨૫૩ વિષ્ણુસહસ્ત્રના પાઠ થયા, ત્રણ વરસ લગાતાર,
સ્વયમ્ પધારે પાઠમાં, શ્રી નારાયણદાસ મહારાજ.

૨૫૪ ભક્તોની સાથે રહી, બોલે શ્લોકો ઊંચે સાદ,
શુદ્ધ સ્પષ્ટ ઉચ્ચાર ને, કર્ણપ્રિય મીઠો સાદ.

૨૫૫ કેસેટમાં કંડારિયો એ જય મહારાજનો સાદ,
ભક્તો ઘેર ઘેર લઈ ગયા, લાગ્યો વિષ્ણુસહસ્ત્રનો નાદ.

૨૫૬ ભક્તોનો એ નાદ જોઈ, થયા પ્રસન્ન જય મહારાજ,
નિજ ભક્તોને આજ્ઞા કરી, સળંગ બાર વર્ષના રાખો પાઠ.

૨૫૭ સમાધિસ્થાન ઉપર કરો, અખંડ પાઠ દિન-રાત,
દિવસે બહેનો આવશે, ભલે પુરુષો આવે રાત.

૨૫૮ ગાળો રાખો કલાકનો, વારા-ફરતી આવે જાય,
કરો સુવિધા સર્વની, કોઈ ના થાકી જાય.

૨૫૯ શ્રી રમણભાઈ પરમારને સોંપી વ્યવસ્થા ખાસ,
અહેવાલ રોજે રોજનો, જય મહારાજને પહોંચી જાય.

## ૧૬. શ્રી સંતરામ વંદના

૨૬૦ શ્રી સદ્ગુરુદેવ વંદના કરૂં, સંતરામ ભક્તોની પાસ,
શ્રી સદ્ગુરુદેવ સંતરામજી, લેજો ભક્તોની સંભાળ.

૨૬૧. સાત ગાદી સંતરામની, ગુરુગાદી સમાધિસ્થાન ધામ,
કોયલી-કરમસદ-વડોદરા-રઢુ-પાદરા,ઉમરેઠ ગામ.

૨૬૨. મૂળ પુરુષ સંતરામજી, પટ્ટશિષ્ય લક્ષ્મણદાસ,
ચતુરદાસ થયા તે પછી, ચોથા જયરામદાસ.

૨૬૩. મુગટરામ થયા પાંચમા, છઠ્ઠા માણેકદાસ,
જાનકીદાસ સમર્થ સાતમા, પ્રગટ કર્યા નારાયણદાસ.

૨૬૪. દત્તસ્વરૂપ શ્રી સંતરામ, યોગીરાજ અવધૂત,
લક્ષ્મણદેવમાં આપ છો, નારાયણ નરરૂપ.

૨૬૫. નારાયણદાસ લક્ષ્મણદેવરૂપ, લક્ષ્મણદેવ શ્રી સંતરામરૂપ,
સંતરામસ્વરૂપ પ્રભુ દત્તનું, દત્ત સ્વયં નારાયણરૂપ.

૨૬૬. સમર્થ સદ્ગુરુ સંતરામ, દત્તાત્રેય અવતાર,
ગુરુગાદી નડિયાદમાં, સંતરામ સમાધિસ્થાન.

૨૬૭. ૐ શ્રી સંતરામ લક્ષ્મણદેવ, ગુરુમંત્ર કહેવાય,
સતત મંત્ર જાપથી, સંતરામ આપ સમાય.

૨૬૮. સંતરામ સમાયા જ્યોતમાં, જ્યોત સંતરામ સ્વરૂપ,
દર્શન કરતાં જ્યોતનાં, ભક્તો બને તદ્રૂપ.

૨૬૯. અખંડજ્યોત સંતરામની, ગાદી પાદુકાનો શણગાર,
ભક્તો નિરખે ભાવથી, નિત્ય નવા નવા દિદાર.

૨૭૦. ભાવ અવનવા ઉપજે, જોઈ ગાદીનો શણગાર,
ખસવાનું મન થાય નહિ, બસ નિરખ્યા કરું બહુવાર.

૨૭૧. દિવ્ય દર્શન ગુરુદેવનાં, જાળી ખૂલતાં થાય,
ભાગ્યવંત જન પામતા, નિત્ય મંદિર વહેલા જાય.



૨૭૨. દિવ્ય દર્શન જ્યોત-સમાધિનાં, પ્રાતઃકાળમાં થાય,
વર્ણન એનું શું કરું, નેતિ-નેતિ કહેવાય.

૨૭૩. દિવ્ય જ્યોત-સમાધિ ને પાદુકા, શ્વેત ધજા ને શિખર,
દર્શનના નિત્ય નિયમથી, સંતરામ થાય પ્રસન્ન.

૨૭૪. દિવ્ય જ્યોત સમાધિને, નિરખું વારંવાર,
આંખલડી રીઝે નહિ, ના પલકારો મારે લગાર.

૨૭૫. દિવ્ય જ્યોત સમાધિનાં, દર્શનથી દુઃખ જાય,
સંતરામ કૃપા જો હોય તો, આવાગમન મટી જાય.

૨૭૬. દિવ્ય જ્યોતનાં દર્શન કરી, આદરવાં શુભ કર્મ,
સંતરામ કૃપા તેમાં ભળી, કરશે મનોરથ પૂર્ણ.

૨૭૭. ગુરુવારના દિવસે, ભક્તો ચલતા દે'રી જાય,
કારજ સરે ઈચ્છા ફળે, એ દે'રીનો મહિમાય.

૨૭૮. દે'રીનો મહિમા ઘણો, દિન-દિન વધતો જાય,
આબાલ-વૃદ્ધ સૌ હોંશથી દે'રી ભરવા જાય.

૨૭૯. પગરખાં પગમાં નહિ, પગપાળા દે'રી જાય,
વાટમાં વાતો થાય નહિ, મનથી સદ્ગુરુ નામ જપાય.

૨૮૦. દે'રી પહોંચી ભાવથી, કરે સદ્ગુરુદેવનું ધ્યાન,
દત્તબાવનીના પાઠ કરે, કરે પ્રદક્ષિણા પણ સાથ.

૨૮૧. રણછોડરાય ડાકોરમાં, નડિયાદમાં સંતરામ,
સત્કૈવલ્ય સારસાપુરી, સ્વામીનારાયણ વડતાલ ધામ.

૨૮૨. મંદિરની પરિપાટી છે, મહંતશ્રી બહાર ના જાય,
ફંડ-ફાળો-લખણી નહિ, આકાશીવૃત્તિ આધાર.

૨૮૩. કલિયુગમાં સત્યુગની, સંતરામમાં ઝાંખી થાય,
દીન-દુઃખી-રોગી-ભૂખ્યા, આશિષ દેતા જાય.

૨૮૪. નાત-જાત-ધર્મ ભેદ નહિ, મનુષ્ય માત્ર સમાન,
જનસેવા અહર્નિશ થતી, સંતરામ સમાધિસ્થાન.

૨૮૫. સંતરામ તમારા ધામમાં, મને સ્વર્ગ રમતું દેખાય,
સેવા-સત્સંગ-ભક્તિ જોઈ, દેવો પણ હરખાય.

૨૮૬. સંતરામના દરબારમાં, આવે રોગી, દુઃખી, રંક, રાય,
આશા લઈને આવતા, ગુરુ આશિષ લઈને જાય.

૨૮૭. ધોળી ધજા સંતરામની, ભક્તોની પૂરે આશ,
ભક્તો આવે દૂરથી, લઈને સુખની આશ.

૨૮૮. સંતરામ તમારા નામથી, ભક્તોનાં કામ સહુ થાય,
ભક્તો ધરાવે ભાવથી, શ્રીફળ દિવો ને થાળ.

૨૮૯. સદ્‌ગુરુ સાચા દેવ છે, અવધૂત યોગીરાજ,
દર્શનના નિત્ય નિયમથી, ભક્તોનાં કરતા કાજ.

૨૯૦. ભક્તિ સાચી હોય તો, સંતરામ કરે સહાય,
જનસેવા સત્સંગથી, ભક્તિ સાચી જણાય.

૨૯૧. સંતરામની સેવા કરે, સેવા એળે ના જાય,
સેવાનું ફળ આપતા, સદ્‌ગુરુ શ્રી સંતરામ.

૨૯૨. સેવાનો મહિમા ઘણો, સંતરામ સમાધિસ્થાન,
સેવાથી સંતરામ રીઝે, સેવા કરે ભક્તો દિન-રાત.

૨૯૩. નડિયાદ નગરના વાસીઓ, સંતરામ મહારાજના ભક્ત,
જનસેવા સંતરામની, કરતા થઈ બહુ મસ્ત.

૨૯૪. સંતરામ ધામ નડિયાદનું, ભક્તોથી ઉભરાય,
ભક્તો લાવે ભાવથી, ફળ-ફૂલ ને ધન-ધાન્ય.

૨૯૫. દૃષ્ટિ પડે ગુરુદેવની, દિવસ શુભ બની જાય,
ગુરુદર્શનના નિયમથી, દૃષ્ટિ નિર્મળ થાય.



૨૯૬. ગુરુકૃપા થઈ જાણીએ, સદ્‌ગુણોમાં વૃદ્ધિ થાય,
વ્યસનનું વળગણ નહિ, સૂઝે ના બૂરાં કામ.

૨૯૭. ધન્ય નગર નડિયાદ ને, ધન્ય નગરના લોક,
સંતરામ લક્ષ્મણદેવની, કેવી દિસે સુંદર જોડ.

૨૯૮. શાંત-સૌમ્ય છબિ દિસતી, સંતરામ લક્ષ્મણદેવ,
એવી ભક્તિ આપજો, કરું ચરણ-કમળની સેવ.

૨૯૯. ના ઈચ્છા મુજને કશી, ના માગું કંઈ ગુરુ પાસ,
માગું આપવું હોય તો, રહે ચરણ-કમળમાં વાસ.

૩૦૦. મહારાજ માગું એટલું, મારી નિયત ના બદલાય,
સાચી ભક્તિ આપજો, જીવનું કલ્યાણ થાય.

૩૦૧. મને મસ્તી એવી આપજો, સદ્‌ગુરુદેવ સંતરામ,
મારું સ્મિત કદિ વિલાય નહિ, ભલે અંતકાળ હોય પાસ.

૩૦૨. શ્રી સંતરામ વંદના ભાવથી, કરી આત્મશાંતિ કાજ,
નિજાનંદની મસ્તીના, પ્રેરક શ્રી નારાયણદાસ મહારાજ.

૩૦૩. ગાયે-સાંભળે ભાવથી, શ્રી સંતરામ વંદના રોજ
આત્મશાંતિ પામશે, ને ટળી જશે ભવરોગ

૩૦૪. બે હજાર ને બે ની સાલ, બીજો મહિનો તારીખ બે,
શ્રી સંતરામ મહિમા પૂર્ણ થયો, બોલો શ્રી સંતરામ મહારાજની જય.

શ્રી લક્ષ્મણદાસ મહારાજની જય, શ્રી ચતુરદાસ મહારાજની જય
શ્રી જયરામદાસ મહારાજની જય, શ્રી મુગટરામ મહારાજની જય
શ્રી માણેકદાસ મહારાજની જય, શ્રી જાનકીદાસ મહારાજની જય
શ્રી નારાયણદાસ મહારાજની જય, શ્રી રામદાસ મહારાજની જય

## ॥ જય મહારાજ ॥

॥ ૐ ॥

॥ શ્રી સંતરામ મહારાજ સત્ય છે ॥

## આપણા જય મહારાજ

૧ શ્વેત વસ્ત્રોમાં શોભતા, શ્વેત ધર્યો શિરતાજ;
આપણા જય મહારાજ હતા, સંતોમાં શિરતાજ,
૨ દીઠા જય મહારાજ મેં, નજીકથી બહુવાર;
એ નર નહિ નારાયણ, મને ભાસ થતો ઘણીવાર,
૩ ધ્યાનસ્થ જય મહારાજને, નિરખી રહું બહુવાર;
ચિત્તમાં શાંતિ ઉપજે, મન શાંત થાય ઘણીવાર,
૪ જાળીએ અવધૂત દીસતા, ગાદીએ રાજાધિરાજ;
વાતો કરતા હોય તો, વ્યવહારદક્ષ જણાય,
૫ માન મોટાઈ ના મળે, ના ધનનો લોભ જરાય;
ઉદારતાની વાતમાં, ના જોડ કોઈ જણાય,
૬ ગુસ્સે કોઈ દિ' થાય નહિ, ના બોલે ઊંચે સાદ;
શાંત - સૌમ્ય દિસે સદા, પૂછે સૌના હાલ,
૭ ગરીબ-ધનિકનો ભેદ નહિ, ના હિન્દુ કે મુસલમાન;
સમાન સૌને દેખતા, જેમ દેખે સરજનહાર,
૮ દ્રષ્ટિ હતી કરૂણાભરી, આંખો પાણીદાર;
માપી લેતા દ્રષ્ટિથી, વ્યક્તિને આરોપાર,
૯ સંત-સાધુ ગરીબના હતા, બેલી જય મહારાજ;
દ્રષ્ટિ પડતાં તેમને, પૂછે પ્રેમે બોલવી પાસ,
૧૦ ધન-ધાન્ય ફળ-ફુલ દૂધ લઈ, આવે ગામેગામથી લોક;
મહારાજને અર્પણ કરી, પામે પૂર્ણ સંતોષ,
૧૧ ગરીબ ખેડૂતો આવતા, માથે અનાજનાં પોટલાં લઈ;
દર્શન કરતા ભાવથી, જય મહારાજની પાસે જઈ,
૧૨ દર્શન કરતાં તેમના, બાપજી પૂછે કુશળક્ષેમ;
લાવ્યા શાની ભેટ આ, અનાજ લાવ્યા કેમ ?,
૧૩ ગરીબ ખેડૂતો વાત કરે, મારૂં કામ કર્યું મહારાજ;
લાવ્યો એની ભેટ આ, મહારાજને પાળે આજ,
૧૪ પહેલી ગોરસી દૂધની, મેં માની'તી મહારાજ;
સુખે વિયાણી ભેંસ ને, થયો સવા મહિનો આજ,
૧૫ આંબો પહેલીવાર ફળ્યો, રોપ્યો'તો મારે હાથ;
તેનાં ફળ મહારાજ આ, લાવ્યો હોંશથી આજ,
૧૬ આંબો વેડયો આજ મેં, ફળ જુદાં કાઢયાં મહારાજ;
રસની કેરી છે મીઠી, બાપજી આરોગજો એકવાર,



૧૭ બટાટાની ખેતીમાં, બાપજી લંક લાગી આ સાલ;
ફળ મોટું ને રોગ નહિ, થઈ ગયો હું તો ન્યાલ,
૧૮ ઉતાર ખુબ સારો રહ્યો, ડાંગરનો ઓણસાલ;
ડંખીલો દાણો નહિ, થયો ઊંચી જાતનો માલ,
૧૯ દિકરાને નોકરી મળી, મને વીઝા મળ્યા તત્કાલ;
બાધા રાખી એ પછી, થયું દિકરીનું વેવિશાળ,
૨૦ વસ્તીની બાધા લીધી, થયાં વરસ લગનને બાર;
દિકરો દીધો દેવરૂપ, મારા આનંદનો ના પાર,
૨૧ ટ્રક-ટ્રેકટર, ગાડી-સ્કુટર, નવું લીધું મેં આજ;
ચાવી અભિમંત્રીત કરી, દે પાછી જય મહારાજ,
૨૨ નારાયણ ચારવાર બોલી, ગાડી ચાલુ કરજો રોજ;
બોલવાની ટેવ રાખજો, ને સ્પીડ કરજો કંટ્રોલ,
૨૩ પરીક્ષાના દિવસોમાં, આવે વિદ્યાર્થીઓ બહુ સાથ;
પેન-પેન્સિલો થોક બંધ, આપે જય મહારાજને હાથ,
૨૪ બસ-ગાડી કે લકઝરી, લઈ જાત્રા કરવા જાય;
રક્ષા કવચ સંતરામનું, શ્રીફળ સાથે લઈ જાય,
૨૫ નાસી ગયો પતિ-પુત્ર કે, દિકરી ચાલી જાય;
બાપજી પાસે આવીને, ગાદીનો હાર લઈ જાય,
૨૬ ભેંસ મારી દેતી નથી, ના ધંધાનું કંઈ ઠામ;
બેબી કંઈ બોલતી નથી, પાડી આપો દિકરાનું નામ,
૨૭ દિકરી સાસરે જાય નહિ, છોકરે રાખી રખાત;
ઘરવાળી ગાંઠતી નથી, ના છોકરાં ભણતાં લગાર,
૨૮ મને ધણી બોલાવતો નથી, ના બૈરી આવે ઘેર;
આદમી દારૂ ઢીંચીને, કરતો કાળો કેર,
૨૯ મારી મને કાઢી મૂકી, વહુ દિકરાએ ઘરબહાર;
વિધવા ડોસી જાઉં કયાં, મને ના કોઈનો આધાર,
૩૦ ધંધો કરવો છે શરૂ, કરૂં એકલો કે ભાગીદાર;
લેણું શામાં છે મને, રાખું પેઢીનું શું નામ,
૩૧ પરદેશ જવાનું હોય કે, હોય વીઝા લેવાનું કામ;
ઝગડા હોય વેપારના, હોય મિલ્કત વહેંચણીનું કામ,
૩૨ પ્રાર્થના કરજો ભાવથી, અખંડ જયોતની પાસ;
મનથી બાધા રાખજો, કાર્ય સિધ્ધ જો થાય,
૩૩ આશિર્વાદ આપો મને, મારે પરીક્ષા છે આજ;
યુ.કે.-યુ.એસ.એ. જાઉં છું, મારી હેપ્પી બર્થ ડે આજ,
૩૪ ફોન યુ.કે.-યુ.એસ.એ.થી આવતા, મને જોબ નથી મહારાજ;
શોપ વેચાતી નથી, મારે આવવું તમારી પાસ,

૩૫ યુ.કે.-યુ.એસ.એ.થી બોલું હું હવે તબીયત આપની કેમ ?;
ચિંતા અમને થાય ઘણી, કરીએ પ્રાર્થના કુશળક્ષેમ,
૩૬ ચિઠ્ઠીઓ કઈંકની વાંચતા, આપે મંત્ર બતાવે રીત;
નાદુરસ્ત તબીયત હોય ઘણી, તોય ના ચડતી ચીડ,
૩૭ ડાયાલીસીસ હોય કે, હોય શરીરને શ્રમ;
વહેલી સવારથી ચાલતો આ, જય મહારાજનો નિત્યક્રમ;
૩૮ સૌનાં મન સાચવવા, પોતે કષ્ટ સહ્યાં અપાર;
સંતોનુંય માનતા નહિ, કહેતા ગુરૂ મહારાજ છે જોનાર,
૩૯ જવાબ ગુરૂ મહારાજને, આપવાનો છે જરૂર;
બીજાને કહેતા હોય તો, કરવાનું આપણે જરૂર,
૪૦ આપણા જય મહારાજની, હતી જગને આજે જરૂર;
અરજ સુણી ના કોઈની, એ થઈ ગયા આપણાથી દૂર,
૪૧ ચુપકીથી સરકી ગયા, ના આપ્યો કંઈ અણસાર;
સંકલ્પ પુરો ના કર્યો, બાર વર્ષના અખંડ પાઠ,
૪૨ ભક્તો બધા રડતા રહ્યા, ના કર્યો અમારો વિચાર;
જવાની ઉતાવળ બહુ કરી, કર્યો અમને વિશ્વાસઘાત,
૪૩ વર્તમાન હવે ભૂતકાળ થયો, આપણા જય મહારાજ;
દર્શન સદેહે થાય નહિ, શ્રી નારાયણદાસ મહારાજ,
૪૪ નારાયણદાસ મહારાજ હતા, અમ ભક્તોના ભગવાન;
આજ્ઞા-આશિષ લઈ પછી જ, ભક્તો કરતા સર્વ કામ,
૪૫ દીન-દુઃખી-રોગી-ભક્તજનો, આવતા જય મહારાજની પાસ;
બાધા-મંત્ર-જપ ટેક થકી, સંતરામ પુરી કરે આશ,
૪૬ નારાયણદાસ મહારાજ થકી, જનસેવા બહુ થાય;
સંતરામના ભક્તો બધા, જનસેવામાં લાગી જાય,
૪૭ નારાયણદાસ લક્ષ્મણદેવ રૂપ, લક્ષ્મણદેવ શ્રી સંતરામ રૂપ;
સંતરામ સ્વરૂપ પ્રભુદત્તનું, દત્ત સ્વયમ્ નારાયણ રૂપ,
૪૮ નારાયણ ચારવાર બોલી, ભક્તો કરશે યાદ સદાય;
નારાયણના નામથી, થયા અમર નારાયણદાસ,
૪૯ 'શ્રી સંતરામ મહારાજ સત્ય છે', ને સત્ય નારાયણદાસ;
વિરાટ સ્વરૂપ એ બેઉ રહ્યા, અમ ભક્તોના રૂદિયામાં આજ,
૫૦ શાંત-સૌમ્ય મુખારવિંદ, આજાનુબાહુ હાથ;
આંખો હતી કરૂણાભરી, દિવ્ય દેહ વિષ્ણુ સમાન,
૫૧ નર દેહ ધરીને આવીયા, કર્યા જનસેવાનાં રૂડાં કામ;
નારાયણ થઈને ગયા, નારાયણદાસ મહારાજ,
૫૨ દેહ ગયો જય મહારાજનો, રહી જનસેવાની સુવાસ;
જનસેવાનાં કામો થકી, જય મહારાજને કરીશું યાદ,



૫૩ ઉઠતાં બેસતાં સુતાં જાગતાં, આવે જય મહારાજની યાદ;
મન મારૂં માને નહિ શોધે મંદિરમાં, નારાયણદાસ મહારાજ,
૫૪ અમી ભરી બેઉ આંખડી, ને વહાલભર્યાં એમનાં વેણ;
સ્મિત વદન સોહામણું, હજી મનથી ના વિસરાય,
૫૫ બહુ લાડ લડાવ્યા એમને, આપી નજરો વારંવાર;
વાતો કરતા બહુ ભાવથી, બોલાવી એમની પાસ,
૫૬ રડાવીને ચાલ્યા ગયા, જાતાં ના કરી કંઈ વાર;
સાપ કાંચળી છોડી દે, એમ છોડી ગયા સંસાર,
૫૭ બ્રહ્મલીન થયા એ ભ્રમ છે, આપણા જય મહારાજ;
ચર્મચક્ષુ ભલે દેખે નહિ, પણ મનઃચક્ષુથી રોજ દેખાય,
૫૮ બ્રહ્મલીન થયાનું જાણીને, ભક્તો નિકળી ગયા ઘર બહાર;
વાહન જે કંઈ મળી ગયું, બેસી આવી ગયા નડીઆદ,
૫૯ આસપાસના ગામોથી, ઉમટી પડયા સૌ લોક;
ટોળેટોળાં આવતાં, જાણે માનવપ્રવાહનો ધોધ,
૬૦ દેહ જય મહારાજનો, દર્શન માટે રાખ્યો'તો બે દિન;
દર્શન કરી આંસુ લુછતા, ભક્તો બની જતા ગમગીન,
૬૧ મજુર-વ્યાપારી-કારીગર, લારી-ગલ્લા-દુકાનદાર;
કમાવાનું છોડી દઈ, પાળ્યો સ્વયંભુ બંધ નડીઆદ,
૬૨ પ્રસાદ ખાઈ સંતરામનો, રોજો છોડયો'તો મુસ્લિમ સમાજ;
નારાયણદાસના નામથી, મુસલમાનો સદાય રહેતા સાથ,
૬૩ દર્શન કરવા આવતા, જય મહારાજનાં એકવાર;
આકર્ષણ એવું થતું કે, તેઓ આવતા વારંવાર,
૬૪ સમાધિ જય મહારાજની, આપી કાચ મંદિરની મહીં;
જાનકીદાસ ગુરૂની પાસમાં, જેમ ગુરૂ સંતરામ લક્ષ્મણદેવની પાસ,
૬૫ સમાધિ પાસે બેસીને, ભક્તો કરતા ભજન-જપ-પાઠ;
હૃદયના શુધ્ધ ભાવથી, જય મહારાજને કરતા યાદ,
૬૬ જય મહારાજની યાદોને, કરૂં વારંવાર હું યાદ;
યાદોને વાગોળતાં, જય મહારાજ રહે સદા યાદ,
૬૭ આશિર્વાદ સંતરામના, પ્રેરણા જય મહારાજ;
અંતર્ભાવ જાગૃત થયો, પ્રગટયા ''આપણા જય મહારાજ'',
૬૮ ગાયે સાંભળે ભાવથી, જે 'આપણા જય મહારાજ';
સંતરામ કૃપા તે પામશે, ને સુખમાં રહે સદાય,
૬૯ અગ્નોસીત્તેર વર્ષના હતા, જય મહારાજ થયા બ્રહ્મલીન;
યશગાથા જય મહારાજની, અહીં અગ્નોસીત્તેરે પુરી થઈ,

॥ જય મહારાજ ॥

# શ્રી સંતરામ નારાયણ ચાલીસા

નારાયણ વિષ્ણુ અવતાર, કર જોડીને કરુ પ્રણામ,
આપો અમને હ્રદયે હામ, સંત શિરોમણી શ્રી સંતરામ, ૧

રામકૃષ્ણ શંકર ગુરુદેવ, આપ જ છો નારાયણ દેવ,
સદાય મુખ પર હાસ્ય મધુર, નયનોમાં કરુણા ભરપૂર, ૨

આપ જ તાત માત ગુરુદેવ, ૐ શ્રી સંતરામલક્ષ્મણ દેવ,
ઝાલી આપ ભક્તોનો હાથ, સદાય રાખો તમારી સાથ, ૩

નિર્મલ સ્નેહના છો સાગર, અવધૂત શ્રી નારાયણ દાસ,
ઓઢી શ્વેત સત્યની ચાદર, સુખ શાંતિને સહુ આદર, ૪

મીઠી વાત કરે સહુ સાથ, મધુર હાસ્ય વેરે ગુરુનાથ,
વિષ્ણુ સહસ્ત્રના થાયે પાઠ, સન્મુખ આપ ભક્તો સહુ સાથ, ૫

નારાયણ લીલા અપાર, કોઈના પામે એનો પાર,
સિદ્ધિ મંત્ર નારાયણ નામ, ભાવે ભક્તો વદે વારંવાર, ૬

અંતર્યામી સત્તાચિત્ત છો, દર્શનથી સહુ દુઃખ હરો,
યોગ ધ્યાનના છો ભંડાર, અનંત લીલાઓ કરનાર, ૭

મંદિરમાં સૌ ભક્તોની સાથ, કરો રામાયણ ગીતા પાઠ,
કૃષ્ણ આપે જેમ અર્જુન બોધ, હરો રાવણવૃત્તિ દંભ ક્રોધ, ૮

અંતર્યામી કરુણા સાગર, સદ્‌ગુરુ આપ છો પૂરણ કારજ,
જાતપાતનો રાખો ન ભેદ, સમભાવે સૌ પામે પ્રેમ, ૯

કરી કરુણા ધાર્યુ શરીર, ઉદ્ધારે સદ્‌ગુરુ સહુ જીવ,
આવે વાઘના પંજે શિકાર, લાખ કોશિશ ના છૂટે લગાર, ૧૦

અંતઃકરણ શુદ્ધ સ્ફટિક સમાન, એવા આપ છો હે ભગવાન,
સત્સંગથી ટાળો ભવદુઃખ, સમજણથી આપો ભક્તિસુખ, ૧૧



હ્રદય આપનું અતિ સરળ, દ્રવે જોઈ ભક્તોના દુઃખ,
મંત્ર ભણીને બનાવે જળ, સૌને થાયે કામ સરળ, ૧૨

નારાયણનું તેજ અજબ, દ્રષ્ટિ પામતાં હર્ષ ગજબ,
અંજાતા એમાં સહુ ભક્ત, અખંડ જ્યોતનું જાણે તેજ, ૧૩

વહી જતા પ્રેમાંસુ સહજ, નારાયણથી મળે નજર,
દર્શન પામી મન ન ધરાય, ગુરુ ચરણોમાં નિત્ય નમાય, ૧૪

ભક્તો ગાદી એ નમાવે શીશ, પામે, નારાયણ આશિષ,
પાદુકાના કરતા દર્શન, જાણે સ્વયંસદ્‌ગુરુ ના દર્શન, ૧૫

સંત શિરોમણી શ્રી નારાયણ, થયા સમાધિએ આપ જ સ્થિર,
ૐ નાદથી ગાજ્યુ ગગન, થયો નારાયણનો જયજયકાર, ૧૬

સાકારથી નિરાકાર સ્વરૂપ, સહુ ભક્તોના હ્રદયરૂપ,
નારાયણનું સૂક્ષ્મસ્વરૂપ, તેજ પુંજ સુંદર અતિરૂપ, ૧૭

એકમાંથી થયા અનેક, પોતે જુએ પોતાને જ એમ,
સઘળે આપના દર્શન થાય, દર્શન પામી સહુ હરખાય, ૧૮

ભક્તો આવે સમાધિસ્થાન ગુરુ ચરણોમાં ધરે ધ્યાન,
સુખ શાંતિને પ્રેરણા પામે, નિર્બળ મનમાં પૂરે પ્રાણ, ૧૯

સૌના કંઠે એક જ ગાન, જય મહારાજ જય મહારાજ,
સમર્થ સદ્‌ગુરુ નારાયણ દાસ, સદાય રહેજો ભક્તોની પાસ, ૨૦

**॥ દોહરો ॥**

**બોલો સૌ જન પ્રેમથી, જય જય જય નારાયણ દેવ,**
**ૐ શ્રી સંતરામ લક્ષ્મણ દેવ, ૐ શ્રી સંતરામ લક્ષ્મણ દેવ.**
**શ્રી સંતરામ મહારાજ કી જય - શ્રી સંતરામ મહારાજ કી જય**

**॥ જય મહારાજ ॥**